# ઠંડા-હરિયાળા પ્રદેશમાં

## (સિક્કિમ-ભુતાનનો પ્રવાસ)

– 'સાગર' રામોલિયા



Thanda-Hariyala Pradeshma
(Toor Of Sikkim And Bhutan)
By 'Sagar' Ramolia

ISBN : 978-93-5445-844-6

(C) 'સાગર' રામોલિયા

પૃષ્ઠ સંખ્યા : ૬૦

પ્રથમ આવૃત્તિ : માર્ચ, ૨૦૨૧

**મૂલ્ય : વિના મૂલ્યે**

પ્રકાશક-મુદ્રક-આવરણ :
'સાગર' રામોલિયા
૧૧૦-એફ, ઓશવાળ-૩ સોસાયટી, શેરી નં. ૨,
એરફોર્સ-૨ રોડ, જામનગર-૩૬૧૦૦૬
મો. ૯૯૯૮૯૭૧૮૨૩

# ચાલો ત્યારે...!

પ્રવાસ, ફરવું વગેરે આનંદ આપનારા શબ્દો છે. ઘણા સમય અગાઉથી આયોજન કરી લેવાતું હોય છે. રોજબરોજની યાંત્રિક જિંદગીમાંથી થોડા દિવસ દૂર જવાની ક્રિયાને 'ફરવા જવું છે' એવું નામ આપીએ છીએ. ફરવા જવાથી કંઈક નવું જાણવા મળે છે, નવો આનંદ મળે છે, મન પ્રફુલ્લિત થઈ જાય છે. હા, રોજેરોજ સાંજ પડે ત્યાં થાકી જવાય, પણ બીજી સવારે બીજાં નવાં સ્થળો જોવાની જિજ્ઞાસામાં આગલા દિવસનો થાક તો કયાંય ગાયબ થઈ જાય છે. તો પછી આવો પ્રવાસ કર્યા વિના મન માને ખરું! એટલે અમે પણ પ્રવાસે જવાનું (ફરવા જવાનું) નક્કી કર્યું. આ પ્રવાસમાં મારો-ચાર વ્યકિતનો- પરિવાર અને મારા મિત્ર કાદરભાઈનો- ચાર વ્યકિતનો- પરિવાર હતો. મળીને આયોજન કર્યું, ટિકિટો લીધી અને મંડયા તૈયારી કરવા.

અમારા પ્રવાસનું આયોજન નેપાળ, સિક્કિમ અને ભુતાનનું હતું. તે મુજબ ટિકિટો પણ લઈ લીધી હતી. પરંતુ જવાના થોડા દિવસ અગાઉ તો નેપાળમાં કુદરતે પોતાનો ક્રૂર પંજો ફેરવી દીધો. નેપાળમાં ભયંકર ભૂકંપ આવ્યો. નેપાળમાં જવા માટે કોઈ રસ્તો રહ્યો નહિ. છેવટે નેપાળ ન જઈ શકયા. કુદરતની આ લીલાથી મન દુ:ખી હતું. છતાંયે નેપાળ સિવાયનું અમારું જે આયોજન હતું, તેમાં ફેરફાર ન કર્યો અને અમારે જે દિવસે નીકળવાનું હતું તે તારીખ પણ આવીને ઊભી રહી ગઈ.

**તા. ૨૮/૫/૨૦૧૫**

જામનગરથી સાંજે ૬:૦૦ વાગ્યે ટ્રેનમાં બેસવાનું હતું. એટલે થોડા વહેલા જ રેલ્વેસ્ટેશને પહોંચી ગયા. ટ્રેન મોટા ભાગની પ્રસિદ્ધ હસ્તીઓની જેમ મોડી નહોતી, સમયસર આવી ગઈ. આ ટ્રેન હતી 'પોરબંદર-

મોતીહારી એક્સપ્રેસ’. ટ્રેનમાં બેઠા. એ.સી. કોચ હતો. એટલે કાચમાંથી બહારની દુનિયા ઓછી દેખાતી હતી. પણ જેટલું જોવાતું હતું એ જોવાનો લ્હાવો લઈ લેતા હતા. કોચમાં અન્ય મુસાફરો સાથે પણ ગુફતેગુ કરી લેતા હતા. અમારી બાજુમાં એક બિહારી પરિવાર હતો, જે જામનગર, રીલાયન્સમાં નોકરી કરે છે એવું જાણવા મળ્યું. તેમની સાથે બિહાર અંગે સાંભળેલી થોડી ખરાબ વાતો અંગે ચર્ચા કરી. તો તે ભાઈ એકદમ ઉત્સાહમાં આવીને બોલ્યા, “અરે, સાહેબ! તમે શું વાત કરો છો? અમારી સાથે જ ટ્રેનમાંથી ઊતરી જાજો. હું તમને બિહારનો પ્રવાસ કરાવીશ. પછી કહેજો કે, તમે કહો છો તે બિહાર અને અત્યારના બિહારમાં કેટલો ફરક છે? તમે જેવું સાંભળ્યું છે એવું અત્યારે કંઈ નથી.” નિમંત્રણ બદલ તે ભાઈનો આભાર માન્યો અને તેમની સાથે રોકાવા માટેની અસમર્થતા દેખાડી.

રસ્તામાં ઘણું જોયું, ઘણું માણ્યું અને બે રાત્રિ અને દોઢ દિવસની મુસાફરી થઈ ચૂકી હતી.

**તા. ૩૦/૫/૨૦૧૫**

સવારના ૧૧:૧૦ વાગ્યે ટ્રેન ગોરખપુર પહોંચી. ગોરખપુરથી નેપાળ નજીક થાય. એટલે અહીં સુધીની ટિકિટ લીધી હતી. (મનમાં તો એવી લાલચ હતી કે, જો નેપાળમાં જનજીવન સામાન્ય બની ગયું હોય અને રસ્તાઓ સારા થઈ ગયા હશે તો નેપાળમાં જતાં જ આવશું. એટલે ગોરખપુર સુધીની ટિકિટ લીધી હતી, તે ફેરફાર ન કર્યો. ગોરખપુર ઊતરીને નેપાળમાં ફોન કર્યો, તો જાણવા મળ્યું કે હજી ત્યાં જઈ શકાય તેવું નથી.) ગોરખપુરમાં ગોરખનાથના મંદિરે જઈ રહેવા માટેની તપાસ કરી . છેવટે બાજુના ‘યાત્રી નિવાસ’માં ઉતારો મળ્યો. ત્યાં સામાન રાખી, થોડા ‘ફ્રેસ’ થઈ ગોરખનાથ મંદિરે દર્શન માટે ગયા. નાથ પરંપરાના નવ ગુરુઓમાંના ગુરુ ગોરખનાથનું આ મંદિર ખૂબ વિશાળ જગ્યામાં નિર્માણ પામેલું છે. મુખ્ય

મંદિરની આજુબાજુ અન્ય આઠ ગુરુઓની પ્રતિમાઓ પણ છે.



મંદિરના બહારના પરિસરમાં શીતળામાતાજી વગેરે માતાજી તથા શનિદેવ, રાધાકૃષ્ણનાં મંદિરો પણ છે. મંદિરોમાં નકશીકામની કારીગરી સરસ છે.

હવે 'તારામંડળ' જોવા ગયા. અહીં ગ્રહો, તારાઓ, સૂર્યની ઉત્પતિથી લઈને સમજૂતી આપવામાં આવે છે. અહીં 'તારામંડળ ગાર્ડન' પણ બનાવેલ છે. પરંતુ અહીં કામ ચાલુ હોવાથી જોઈ શકાયો નહિ. તારામંડળના રસ્તે જ વિશાળ વોટરપાર્ક પણ છે.

આ બધું જોઈ બજારમાં આવ્યા. અહીં ઘણી રેંકડીઓમાં લીચી જોવા મળી. સાચું કહું.....? આજ સુધીમાં કયારેય લીચી ખાધી નહોતી. એટલે પહેલા ચાખી અને મજા આવી, એટલે તો ખૂબ ખાધી. રાત પડી એટલે જમીને યાત્રી નિવાસમાં આરામ કર્યો, અને આ રીતે અમારો આજનો દિવસ પૂરો થયો.

તા. ૩૧/૫/૨૦૧૫

ગોરખપુરથી સીલીગુડી જવું હતું. ત્યાંથી જ સિક્કિમમાં જઈ શકાય છે. ટ્રેનમાં વ્યવસ્થા થઈ શકે તેમ ન હોવાથી બસ માટે ફર્યા. બસ માટે ખૂબ હેરાનગતિ થઈ. કોઈ બસનો મેળ પડતો નહોતો અને કોઈ યોગ્ય રસ્તો દેખાડતું નહોતું. છેવટે એક જગ્યાએથી માર્ગદર્શન મળ્યું કે, અહીંથી બિહારના ગોપાલગંજ જાઓ. ત્યાંથી સીલીગુડીની બસ મળશે. (આ હેરાનગતિ એટલા માટે થઈ કે નેપાળમાંથી તો સીધા સિક્કિમમાં જઈ શકાય છે. પણ આ ગોરખપુરથી ટ્રેન સિવાય સીધી કોઈ વ્યવસ્થા નથી. નેપાળમાં જઈ ન શકયા એટલે આ મુસીબત આવી હતી.) સવારે ૯:૩૦ વાગ્યે ગોપાલગંજ જતી બસમાં બેઠા. બપોરે ૧૨:૩૦ વાગ્યે ત્યાં પહોંચ્યા. જોયું તો સીલીગુડી જવા માટે બે બસ તૈયાર જ હતી, પરંતુ અમારો એક દિવસ બગડવાનો જ લખાયેલો હતો. બસમાં જગ્યા નહોતી અને આ દિવસમાં બીજી કોઈ બસ નહોતી. એટલે ફરજિયાત ગોપાલગંજમાં રોકાવું પડયું. અહીં બસસ્ટેન્ડની સામે જ 'હોટલ હરનંદન'માં રોકાયા.

હોટલમાં સામાન રાખીને એક સારા દેખાતા એ.સી. રેસ્ટોરન્ટમાં જમવા માટે ગયા. મેનુ ખૂબ લાંબું........ઉં હતું. (અરે! હરખાય ન જતાં. આગળ વાંચો તો ખરા!) મેનુ તો લાંબું હતું, પણ જે ચીજ માગી તે 'નથી'નો જવાબ મળતો હતો. છેવટે ભાત (દાળ નહિ, શાક સાથે) ખાઈને ચલાવવું પડયું.

એક ખાનગી વાત કહું.....? અહીંના સરકારી બસસ્ટેન્ડને પ્રાઈવેટ ઠેકાવાળાઓએ કબ્જામાં લઈ લીધેલ છે. પ્રાઈવેટ ઠેકાવાળાની બસો અહીંથી જ ઊપડે છે. આ સિવાય કોઈ વિકલ્પ ન હોવાથી અમે પણ સીલીગુડી જવા માટે આ ઠેકાવાળાની બસની ટિકિટ લીધી.

ગોપાલગંજમાં ફરવાની/જોવાની જગ્યા નથી. એટલે અહીંની

બજારમાં ચક્કરો લગાવી. અહીં પણ લીચી સારી હતી. તેથી તે ખાવાની મોજ માણી. રાત્રિ થઈ અને બીજા દિવસના બપોરની વાટ જોવા લાગ્યા.

તા. ૧/૬/૨૦૧૫

ગોપાલગંજથી બસનો ઉપડવાનો સમય બપોરે ૧૨:૩૦ વાગ્યાનો હતો. અમે સમયસર ત્યાં પહોંચી ગયા. પણ બસ ઉપડે તો ને! આમ કરતા બસ બપોરે ૧:૨૫ વાગ્યે રવાના થઈ. રસ્તામાં બિહારનાં ગામો જોવા મળતાં હતાં. જે જોયું તેમાં નાનાં મકાનો હતાં, માથે પતરાં કે નળિયાં હતાં, દુકાનો પણ પતરાંવાળી હતી. ક્યાંક-ક્યાંક જમવાનાં ઢાબાં આવતાં હતાં. તે પણ પતરાં અને કોથળાથી બનાવેલાં.

નાનાં-નાનાં ખેતરો પણ જોવા મળ્યાં. પાણીની સગવડ પણ સારી હોય એવું લાગ્યું. પણ એનો લાભ લેવાતો હોય એવું ન લાગ્યું. કોઈ ખેતરોમાં આંબાનાં ઝાડ હતાં, પણ કેરીઓ ન દેખાણી. તો કોઈ ખેતરમાં નાળિયેરી અને ખજૂરીનાં ઝાડ હતાં. પાણીની પૂરતી સગવડ હોવા છતાં ઘણાં ખેતરોમાં ખેતી થયેલી નહોતી. એટલે અહીં કુદરતે ખેતી કરી દીધી હતી. આ ખેતરોમાં સરસ મજાનું લીલુંછમ્મ ઘાસ દેખાતું હતું. શું આવાં સરસ ખેતરોમાં તેના માલિકને ખેતી કરવાનું નહિ ગમતું હોય?

બસ આગળ વધતી હતી. બપોરના ૨:૨૦નો સમય થયો હતો. ત્યાં જ મુસાફરીમાં વિઘ્ન આવ્યું. બસમાં પંક્ચર થયું. મુસીબતમાં વધારો થયો. એક બાજુ પંક્ચર, તો બીજી બાજુ ગરમી. ગરમીથી ધ્યાન દૂર કરવા ત્યાં વળી લીચી નજરે પડી, તે ખાધી. પૈડું બદલતા ૨૫ મિનિટ લાગી. પછી ફરી બસ ચાલુ થઈ.

કુદરતમાં ફરવાથી પર્યાવરણવિદ પણ બની શકાય. અમે પણ જાણે મોટા પર્યાવરણવિદ હોઈએ એમ એક ઝાડ વિશે ચર્ચા કરવા લાગ્યા. કોઈ

કહે, નાળિયેરી છે, તો કોઈ કહે, ખજૂરી છે. ત્યાં પાસે બેઠેલા બિહારીબાબુ બોલ્યા, "વહ તાડ હૈ." અમારી તો જાણે બોલતી બંધ થઈ ગઈ.

ગરમીનો પારો ઊંચો ચડતો જતો હતો, પણ આંખનો પારો નીચે ઊતરતો જતો હતો. એટલે આંખ ધરાર બંધ થઈ જતી હતી. મનનું કહ્યું તે માનતી જ નહોતી. એટલે અહીંની ભૂગોળ જોવાનું ઘણું મન હોવા છતાં ન જોવાયું. પણ જે જોયું તેમાં ઘણી જગ્યાએ લીચીના બગીચા જોયા. વૃક્ષો પર લીચીનાં લૂમખાં ને લૂમખાં લટકતાં હતાં. આ પહેલીવાર જોવા મળ્યું હતું. આ પહેલા તો લીચી ખાધી જ નહોતી, તો તેનું ઝાડ તો ક્યાંથી જોયું હોય!



રસ્તામાં બીજું એ જોયું કે, અહીંના મકાનોમાં પ્લાસ્ટર વગરની દીવાલો હતી. એટલે ઈંટો દેખાતી હતી. આનું કારણ કયું હશે એ ચર્ચા કરી નહોતી.

ગોપાલગંજથી ૧૪૦ કિમી અંતર કાપીને મુજફ્ફરપુર પહોંચ્યા. અહીં વળી બસ ઊભી રહી અને ટાયર બદલ્યું. આ ગાળામાં ફરીથી એક કિગ્રા લીચી લીધી અને ઝાપટી ગયા.

આગળ વધતાં રસ્તામાં સફેદ માટીવાળાં ખેતરો જોવા મળ્યાં. મારી બાજુમાં બેઠેલ બિહારીબાબુએ કહ્યું કે, "આ માટી ઉપર વરસાદનું પાણી પડે

એટલે કાળી દેખાય છે." આ પણ કુદરતની અજાયબી કહેવાય ને! પછી ધીમે પગલે રાતરાણી પધાર્યા. રાણીને માન તો આપવું જોઈએ ને! તો અમે પણ માન આપ્યું. વળી, અંધકારમાં કંઈ દેખાય પણ નહિ. એટલે રાણીને માન આપવામાં બાકીના રસ્તે કંઈ જોયું નહોતું.

<u>તા. ૨/૬/૨૦૧૫</u>

સવારે ૬:૦૦ વાગ્યે સીલીગુડી પહોંચ્યા. સીલીગુડી પ. બંગાળમાં છે. સિક્કિમ જવા માટે અહીંથી વાહન મળે. બસમાંથી ઊતર્યા ત્યાં તો પેકેજ ટુરવાળા પાછળ પડી ગયા. મીઠી–મીઠી વાતોમાં ભોળવવા લાગ્યા. અમને ખબર હતી કે, પેકેજ ટુરવાળા કાંઈક તો રમત રમી જ જાય, છતાં અમે ભોળવાયા. એક ઓફિસમાં ગયા. ખૂબ ઉતાર–ચડાવના અંતે ભાવતાલ નક્કી કર્યા. જેમાં વાહન, હોટલ, જમવાનો ચાર્જ આવી જતો હતો. સિક્કિમમાં ગંગટોક, નથુલાપાસ અને પેલિંગ તથા વળતાં દાર્જિલિંગનું પેકેજ નક્કી કર્યું. એક બિલમાં સાઈટસીન સહિતની વિગત લખીને આપ્યું. અમે તે ખિસ્સામાં મૂક્યું.

પછી આઠ સીટની એક ગાડી આવી. જેમાં બેસીને સવારે ૭:૪૫ વાગ્યે ગંગટોક જવા નીકળ્યા. થોડીવારમાં ગાડીએ ઢાળ ચડવાનું ચાલુ કર્યું. કારણ કે ગંગટોક સમુદ્રસપાટીથી ૫૬૦૦ ફૂટ જેટલું ઊંચું છે. એટલે ગાડી ઢાળ ઉપર આગળ ચડતી જતી હતી. ઢાળ ચડવાનો હોય, એટલે બાજુમાં ખીણ તો હોય જ! ખીણમાં જોવાની બીક ન લાગતી હોય, તો ખીણમાં જોવું એ પણ એક લ્હાવો છે. પર્વતોની ખીણોનું સૌંદર્ય પણ અદ્ભુત હોય છે, તેમાંયે અહીં તો નગાધિરાજ હિમાલયની ખીણ. એટલે સૌંદર્યની બાબતમાં કંઈ ઓછું તો ન જ હોય! (સાદી ખીણો–નીચે જોવી પણ ન ગમે તેવી ખીણોને ઊંચેથી જોતાં સૌંદર્યમયી જ લાગે. તો આ ખીણમાં તો હિમાલયની સુંદરતા સમાયેલી જ છે. તો હોય જ ને અદ્ભુત!) ખીણમાં સાલનાં ઊંચાં–ઊંચાં વૃક્ષો

હતાં. ખીણમાં છેક સુધી નદી વહેતી જોવા મળી. પરંતુ ચોમાસામાં જેમ નદીનું પાણી ડહોળું હોય છે, તેમ આ નદીનું પાણી પણ છેક સુધી ડહોળું જ જોવા મળ્યું. સાલ, વાંસ, વગેરે અનેક જાતનાં વૃક્ષોને નિહાળતાં-નિહાળતાં, ખીણનું સૌંદર્ય જોતાં-જોતાં સવારે ૧૧:૩૦ વાગ્યે ગંગટોક પહોંચ્યા.

બહારની ગાડીને અહીંના એક પાર્કિંગ સુધી જ જવા દેવામાં આવે છે. ત્યાંથી ગંગટોકમાં અંદર જવા માટે ત્યાંની સ્થાનિક ગાડી લેવી પડે છે. એટલે ત્યાંથી ગાડી બદલીને Hotel May Yak પહોંચ્યા. પેલા ટુર એજન્ટે લખી આપેલા બિલ બાબતનો ખરો ખેલ તો હવે થયો. અમારે નથુલાપાસ જોવાનું હતું અને ટુર એજન્ટે બિલમાં તે નામ લખ્યું નહોતું. એટલે હોટલવાળાએ નથુલા લઈ જવાની ના પાડી. અમે ખૂબ રકઝક કરી અને એજન્ટ સાથે ફોન ઉપર વાત કરીને 'હા' પડાવી. તો હોટલવાળાએ બીજો વાંધો લીધો. તેણે કહ્યું કે, “નથુલા જવા માટે ૪૮ કલાક પહેલા ફોરેસ્ટ ઓફિસમાં ફોટા અને ડોક્યુમેન્ટ જમા કરાવવા પડે. આવું થાય તો જ ત્યાં જવાની પરમીટ મળે.” વળી આ બાબતે રકઝક કરી. છેવટે ફરીથી એજન્ટને ફોન કર્યો, એક દિવસ ત્યાં વધારે રોકાવાનું નક્કી થયું અને નથુલાપાસ માટેની કાર્યવાહી શરૂ થઈ.

આવી માથાકૂટમાં લગભગ બપોરના ૩:૦૦ વાગી ગયા અને ત્યારે જમવાનું મળ્યું. જમવાનું પણ પેટને ઠંડક વળે એવું કંઈ નહિ. જમવામાં ભાત, શાક અને પાણી જેવી દાળ મળી. રોટલી માગી તો 'ના' પાડી દીધી. કહે, અહીં દિવસના રોટલી બનાવવામાં આવતી જ નથી. અમને તો કહેવાયું હતું કે, તમારે જે જમવું હોય તે બનાવી આપશે. પણ અહીં તો જુદું જ નીકળ્યું. છેવટે પેટમાં થોડું પધરાવવા પૂરતું જમીને રૂમમાં ગયા. આજે કોઈ સાઈટ-સીન જોવા લઈ જવાના નહોતા. એટલે નજીકની બજારમાં આંટા માર્યા.

## ઠંડા-હરિયાળા પ્રદેશમાં

ગંગટોક સમુદ્રસપાટીથી ૫૬૦૦ ફૂટ ઊંચું છે, વળી હિમાલયના ખોળામાં છે, એટલે સતત ઠંડું વાતાવરણ અનુભવવા મળ્યું. બપોરના સમયે થોડી પણ ઠંડી ઓછી થાય તો ત્યાંના લોકો તેને ગરમી કહે છે. બપોરના સમયની તે લોકોની આટલી ગરમી પડે તો પણ સાંજથી લઈને સવારના ૪:૦૦ વાગ્યા સુધી વરસાદ વરસતો રહે છે. આજે પણ રાત્રિ દરમિયાન વરસાદ વરસતો જ હતો.



ગંગટોક સિક્કિમ રાજ્યની રાજધાની છે. તે અહીંનું મહત્ત્વનું અને મોટું શહેર પણ છે. અહીંના લોકો નેપાળી ભાષા વધુ બોલે છે. સિક્કિમમાં ચાર જ જિલ્લા છે : પૂર્વ સિક્કિમ, પશ્ચિમ સિક્કિમ, ઉત્તર સિક્કિમ અને દક્ષિણ સિક્કિમ. ગંગટોક પૂર્વ સિક્કિમ જિલ્લામાં આવેલ છે. તે હિમાલય પર્વતની શિવાલિક પર્વતમાળામાં આવેલ છે. તેની ચારેબાજુ પર્વતમાળા છે અને તેનાં શિખરો મોટાભાગે બરફથી છવાયેલાં રહે છે. વાદળાં પણ હોય જ. અહીં ફરવાની મજા આવતી હોવાથી પ્રવાસીઓનો ઘસારો રહે છે. લીલોતરી તો ખૂબ જ છવાયેલી છે. આ શહેરમાં બૌદ્ધ ધર્મના ઘણા મઠો છે.

# ઠંડા–હરિયાળા પ્રદેશમાં

તા. ૩/૬/૨૦૧૫

આજનો દિવસ કંઈ જોયા વિના વ્યર્થ જવાનો હતો. પરંતુ હોટલવાળા સાથે થોડી રકઝક કરીને અમુક 'પોઈન્ટ' દેખાડવાનું નક્કી કરાવ્યું. ગંગટોકમાં આવ્યા ત્યારથી રકઝક ચાલુ જ હતી. જાણે હક્ક મેળવવા માટે લડવું પડતું હતું. ટુર એજન્ટની ભૂલ જાણે અમારે ભોગવવી પડતી હતી. (આવી રકઝકની વાત એટલે લખું છું કે, જેથી કોઈ ટુર પેકેજ લે તો બધી ચોખવટ કરી લે. અમે ચોખવટ કરી જ હતી. પણ એજન્ટ કંઈક રમત રમી ગયો હોય કે ભૂલી ગયો હોય એવું લાગ્યું.) લડયા વિના હક્ક મળતો નહોતો. આપણે સાચા હોઈએ ત્યાં સુધી ડરવાનું ન હોય, એવો સિદ્ધાંત મનમાં રાખીને ત્યાંના અજાણ્યા વિસ્તારમાં અજાણ્યા માણસો સાથે લડી લેતા હતા. તેનો ફાયદો પણ થતો હતો.

હવે હોટલવાળાએ અમારા માટે ગાડી મંગાવી. પછી અહીંના પ્રખ્યાત 'ફ્લાવર એકઝીબેશન'માં 'ફ્લાવર-શો' જોવા ગયા.



અહીં અનેક પ્રકારનાં, અનેક સાઈઝનાં, અનેક રંગોનાં, મતલબ કે જાત-જાતનાં અને ભાત-ભાતનાં અનેક ફૂલો જોવા મળ્યાં. ફૂલો જોવાનો શોખ તો પહેલાથી જ છે. એટલે અહીંનાં મનમોહક ફૂલો જોઈને મન પણ તે ફૂલોની માફક પ્રફુલ્લિત થઈ ગયું. ગાડીવાળાએ જે સમય આપ્યો હતો, તેનાથી ચાર ગણો સમય અમે એ ફૂલો વચ્ચે રહ્યા. ફૂલોની જેમ ખીલેલા ચહેરાઓ સાથે ત્યાંથી નીકળ્યા.

હવે ગાડીવાળો અમને અહીંના ‘રોપ-વે’ પાસે લઈ ગયો. આ ‘રોપ-વે’ એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે નથી, પરંતુ ગંગટોકની ખીણનું સૌંદર્ય જોવા માટે છે. અમે આ ‘રોપ-વે’માં બેઠા અને ખીણનું સૌંદર્ય જોયું.



‘રોપ-વે’ની એ ડોલીમાં બેસીને અમે ખીણમાં વસેલાં ઘરો – કે જે બાળકો રમતમાં બનાવે એવાં નાનાં-નાનાં દેખાતાં હતાં – તે જોયાં. વળી અહીંના પગથિયાં આકારનાં ખેતરો તો જાણે કોઈ ચિત્રકારે દોરેલી રંગોળીઓ જોઈ લો! દરેક ખેતરમાં જુદી-જુદી આકૃતિઓ દેખાતી હતી. ઘડીક તો થતું હતું કે, આ મનનો વહેમ તો નથીને! એટલે આંખ બંધ કરીને ખોલી અને ફરી નિરીક્ષણ કર્યું. અનેક જાતની રંગોળીઓ કુદરતના કોઈ મહાન ચિત્રકારે

બનાવી હોય એવાં એ ખેતરો લાગતાં હતાં.

'રોપ-વે'ના આનંદને મમળાવતાં-મમળાવતાં નજીકમાં આવેલા 'નામ નાંગ વ્યૂ પોઈન્ટ' નામના સ્થળે ગયા. અહીં પણ ઉપરથી ખીણનો અદ્ભુત નજારો જોવા મળ્યો. જેવો નજારો 'રોપ-વે'માંથી જોવા મળ્યો હતો, એવો જ નજારો અહીં પણ જોવા મળ્યો. પહાડની બાજુમાં ખીણમાં રમત રમતાં એ વાદળો, (અમે તો વાદળો કરતાં ઊંચા હતા.) રંગોળી પૂરતાં ખેતરો, ઘરો વગેરેની સુંદરતા મનને મોહી લેતી હતી. કેવું અદ્ભુત દૃશ્ય! હવે એવું લાગતું હતું કે, અહીં તો એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈએ ત્યાં તો પહેલી જગ્યા કરતાં બીજી જગ્યા વધુ સુંદર જ લાગે છે.



નામ નાંગ વ્યૂ પોઈન્ટ સિક્કિમના અંતિમ રાજા 'નામ નંગ નામગ્યાલ' દ્વારા બનાવવામાં આવેલ છે. અહીંથી કાંચનજંઘાની બર્ફિલી હારમાળા જોઈ શકાય છે. સૂર્યોદય વખતનો અહીંનો નજારો તો મનમોહક હોય છે. સમુદ્રસપાટીથી ખૂબ ઊંચાઈ પર આવેલું આ સ્થળ સ્વર્ગનો આનંદ કરાવે એવું લાગે છે. ફોટોગ્રાફીના શોખીનો માટે અદ્ભુત સ્થળ છે.

રાત્રે જમીને ગંગટોકની બજારમાં ફર્યા. અહીં મહાત્મા ગાંધી

માર્કેટમાં તો વાહનોને આવવાની સખત મનાઈ છે. જે લોકો આ બજારમાં આવે તેણે ચાલીને જ ફરવું પડે. પછી તે ગમે તેવો મોટો માણસ કેમ ન હોય! ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન થાય છે. **(આવી જ રીતે બધે ટ્રાફિકના નિયમોનું પાલન થાય તો કેવું સારું! અકસ્માતની બીક જ ન રહે! કુદરતે સર્જેલી આ દુનિયા ખરેખર સુંદર જ રહે.)** જ્યાં-ત્યાં કચરો ફેંકવાની મનાઈ છે. (બધે આવું હોય તો 'સ્વચ્છતા અભિયાન'ની જરૂર જ ન રહે.) ઠંડા વાતાવરણમાં પણ અહીંની આઈસ્ક્રીમ ખાવાની મજા માણી. બહાર ગયા હોઈએ તો ત્યાંની વિશિષ્ટતા શું છે તે જાણવું-અનુભવવું તો જોઈએને!



રાત્રે ૮:૦૦ વાગ્યે મોટાભાગની દુકાનો બંધ થઈ જાય છે. એટલે હોટલે આવ્યા. વળી વરસાદનો ડર પણ ખરો. થોડીવારમાં તો તે ચાલુ પણ થઈ ગયો. જે રાતભર વરસતો રહ્યો. અહીં આ સમયમાં વરસાદ આવે જ છે.

તા. ૪/૬/૨૦૧૫

સવારે નાસ્તો વગેરે કરીને નથુલા જવા નીકળ્યા. ત્યાં ઠંડી વધારે પડતી હોવાની સૂચના હોટલવાળાએ અગાઉથી જ આપી દીધેલ. તેથી

સ્વેટર પહેરીને જ નીકળ્યા હતા. રસ્તામાં પર્વતની ખીણનું સૌંદર્ય, શંકુ આકારનાં વૃક્ષો, અન્ય વૃક્ષો વગેરે નિહાળતાં-નિહાળતાં આગળ વધતા જતા હતા. રસ્તામાં અનેક જળધોધ જોવાની મજા લૂંટી. રસ્તામાં અને ખીણમાં ધુમ્મસરાણી પણ છવાયેલાં હતાં. તો કયાંક વળી અમારાથી નીચે વાદળરાજાની રમતો પણ જોવા મળતી હતી. હા, રસ્તામાં વરસાદે પણ પોતાની હાજરી પુરાવી દીધી હતી. ઘણી જગ્યાએ વરસાદ આવતો હતો, તો ઘણી જગ્યાએ કોરું વાતાવરણ જોવા મળતું હતું. કયાંક ધુમ્મસ ઘેરાયેલું લાગે, તો કયાંક ઝરમર વરસી જતું હોય એવું લાગતું હતું. સમુદ્રસપાટીથી ૬૮૦૮ ફૂટની ઊંચાઈએ પહોંચ્યા, તો ત્યાં નથુલા અને ચાંગુલેક જવા માટેની પરમીટ કઢાવવાની વિધિમાંથી પાર ઊતરવું પડયું. અમારી આ વિધિ ગાડીના ડ્રાયવરે જ પૂરી કરાવી લીધી. (આ વિસ્તાર દેશની સરહદ ઉપર અને સૈન્યના કબ્જામાં હોવાથી મંજૂરી વિના જઈ શકાતું નથી.)

ત્યાંથી આગળ વધ્યા અને સમુદ્રસપાટીથી ૧૨૪૨૫ ફૂટની ઊંચાઈએ પહોંચ્યા. અહીં ‘ચાંગુલેક’ નામનું સરોવર છે. જેને કોઈએ પાળ બાંધીને બનાવેલું નથી. તેનું સર્જન કુદરતી થયેલ છે. શિયાળામાં અહીંનું પાણી જામી જાય છે. જ્યારે આ પાણી ઉપર સૂર્યનાં કિરણો પડે છે ત્યારે તે ચમકી ઊઠે છે. સુંદર પહાડીઓથી ઘેરાયેલું આ સુંદર સરોવર પર્વતો ઉપરનો બરફ પીગળવાથી પાણીથી છલોછલ થઈ જાય છે. ગંગટોકથી ૩૫ કિમી જેટલું અંતર છે.

સરોવરની સુંદરતા જોયા પછી નજર પડે છે પહાડી વિસ્તારની ‘કામધેનુ’ યાક ઉપર. સુંદર રીતે શણગારેલા યાક ઉપર સવારી કરાવવા માટે અહીં ઘણા લોકો હાજર હોય છે. અહીં આવનાર પ્રવાસીઓ આ સવારીનો લ્હાવો પણ લે છે. યાકના માલિકો પ્રવાસીઓનો લાભ લૂંટવા યાકનું ભાડું

વધારે રાખતા હોય એવું લાગ્યું. યાક ઉપર બેસીને ફોટો પડાવવા માટેનું ભાડું પણ રૂ. ૫૦ હતું. તો યાક ઉપર બેસીને ચક્કર લગાવવું હોય તો ખૂબ વધારે રકમ ચૂકવવી પડે. નાના ચક્કરનું ભાડું રૂ. ૩૫૦ હતું. ચાંગુલેકની સુંદરતાને મનમાં ભરી આગળ વધ્યા.



હવે અમે નથુલાપાસથી પાંચ કિમી જ દૂર હતા. જ્યાંથી રસ્તો બે વિભાગમાં વહેંચાય છે. એક રસ્તો નથુલાપાસ અને બીજો રસ્તો બાબા મંદિર તરફ જાય છે. અમારી ગાડી નથુલાના રસ્તે વળી ત્યાં જ ત્યાંના સૈનિકોએ રોકીને ત્યાંથી પાછા વળવાની સૂચના આપી. અમને તો લાગ્યું કે અમારો ફેરો ફોગટ ગયો. પણ ડ્રાયવરે પહેલા બાબા મંદિર જઈને પરત આવી ફરીથી નથુલા જવાની પરવાનગી માગવાની વાત કરી. એટલે પહેલા અમે બાબા મંદિરે ગયા. બાબા મંદિર કોઈ ભગવાનનું મંદિર નથી, પરંતુ

એક સૈનિકનું મંદિર છે.



આ મંદિરની માહિતી ત્યાં લગાવેલા પાટિયા ઉપર નીચે મુજબ લખેલ છે. (જોડણી વગેરે તે મુજબ રાખેલ છે.)

## बाबा हरभजन मंदिर का संक्षिप्त इतिहास

बाबा हरभजन का जन्म 30 अगस्त, 1946 में जिला गुजरांवाला (वर्तमान पाकिस्तान में) के सदराना गांव में हुआ था । 9 फरवरी, 1966 को बाबाजी भारतीय सेना की पंजाब रेजिमेंट में सिपाही के रूप में भर्ती हुए। सन् 1968 में 23 पंजाब के साथ पूर्वी सिक्किम में सेवारत बाबाजी का देहांत 04 अक्टूबर, 1968 को उस समय हुआ जब वे घोडो के एक काफिले को तुकु ला से डोंगचुई ला ले जा रहे थे। यह घटना उस समय हुई जब वे फिसलकर एक नाले में गिर गये। पानी की तेज धारा में उनका शरीर बहकर घटना स्थल से 2 किमी दूर जा पहुंचा।

ऐसी मान्यता है कि सिपाही हरभजन सिंह अपने साथी के सपने में आए और अपने समाघी के निर्माण के लिए अनुरोध किया। युनिट ने इस बात को मानते हुए वर्तमान स्थान से लगभग 9 किमी की दूरी पर उनकी समाघी का निर्माण किया। पर्यटकों की सुविधा को ध्यान में रखते हुए 11 नवंबर, 1982 को, नए बाबा मंदिर का निर्माण इस स्थान पर किया गया।

ऐसी मान्यता है कि बाबा हरभजन सिंह के मंदिर में पानी चढाने और बाद में उस पानी को पीने से बीमार व्यक्ति स्वस्थ हो जाता है। इसलिए श्रद्घलु बाबा मंदिर में बीमार व्यक्ति के नाम पर पानी की बोतल रखते हैं और बाद में उसे लेकर जाते हैं। इस पवित्र जल को 21 दिन तक पिया जाता है। इस दौरान परिवार के किसी सदस्य के द्वारा मांसाहारी भोजन एवं मदिरा का सेवन नहीं किया जाता है।

બાબાના અનેક ચમત્કારોની વાતો પણ સાંભળવા મળી. એક ઓરડામાં બાબાને પ્રિય વસ્તુઓ -બોલપેન, ડાયરી- લોકો ધરાવે છે. અહીં રોજ બાબાની પથારી પણ વ્યવસ્થિત કરવામાં આવે છે. જે સવાર સુધીમાં આડી-અવળી થઈ જાય છે. શ્રદ્ધાળુઓ માને છે કે રોજ રાત્રે એ પથારી ઉપર બાબા સૂવે છે.

આવી અનેક વાતો જાણી, બાબાનાં દર્શન કરી અહીં આવેલ જળધોધ પાસે ગયા. ઊંચેથી પડતો આ ધોધ સુંદર લાગતો હતો. ત્યાં ફોટા પાડયા, થોડીવાર બેસ્યા અને ગાડીમાં બેસી રવાના થયા.

ફરી નથુલાના રસ્તે પહોંચ્યા. ત્યાં પરવાનગી માટે ખૂબ આજીજી કરવી પડી. ત્યાંથી રજા મળી જતાં અદ્દભુત સૌંદર્ય અને વરસાદની વચ્ચે આગળ વધ્યા. રસ્તામાં આજુબાજુ અનેક જગ્યાએ બરફ છવાયેલો જોવા મળ્યો. નથુલા પહોંચ્યા ત્યાં બપોરના ૩:૦૦ વાગી ચૂકયા હતા. ૩:૦૦ વાગ્યા પછી અહીં વાતાવરણમાં અચાનક પરિવર્તન આવી જાય છે. એટલે ૩:૦૦ વાગ્યા પછી અહીં મુલાકાતીઓને જવા દેતા નથી. અમને પણ

અહીંના ફરજ ઉપરના સૈનિકોએ ના પાડી. ફરી ખૂબ આજીજી કરી ત્યારે આઠ મિનિટનો સમય આપ્યો. જેમાં પગથિયાં ચડી, ઉપર જઈ, ફરી નીચે આવી જવાનું.



નથુલાપાસ એટલે સમુદ્રસપાટીથી ૧૪૨૧૬ ફૂટની ઊંચાઈએ આવેલ ભારત-ચીન(તિબ્બત)ની સરહદ છે. ઊંચાઈને લીધે અહીં તાપમાન 'માઈનસ'માં ચાલ્યું જાય છે. અમે પહોંચ્યા ત્યારે ૪° સે. હતું. ઠંડો પવન ફૂંકાતો હતો. શરીરમાં ધ્રુજારી પેદા થઈ જતી હતી. અહીં આ ઊંચાઈએ વચ્ચે કાંટાળા તારની વાડ છે. એક બાજુ ભારતના સૈનિકો અને બીજી બાજુ ચીનના સૈનિકો સતત ચોકી-પહેરો કરે છે. અહીં ભારત તરફ ભારતનો દરવાજો છે, તો ચીન તરફ ચીનનો દરવાજો છે. જ્યારે માલ-સામાનની આયાત-નિકાસ કરવાની હોય ત્યારે આ દરવાજા ખોલવામાં આવે છે અને તરત બંધ કરી દેવામાં આવે છે. અહીંથી જ માનસરોવરની યાત્રાએ જઈ શકાય છે. અહીં 'કોન્ફરન્સ હોલ' પણ છે. જેમાં ભારત-ચીનના સૈન્ય-અધિકારીઓ અમુક સમયે કોન્ફરન્સ કરવા મળે છે.

## ઠંડા–હરિયાળા પ્રદેશમાં

અહીં વાતાવરણમાં અચાનક ફેરફાર થતો હોય છે. અમે ત્યાં હતા ત્યારે જ વાતાવરણમાં ફેરફાર થવા લાગ્યો. ખૂબ તેજીલી ઠંડી હવા વહેવા લાગી. ધુમ્મસ કે વાદળાં જેવું છવાવા લાગ્યું. એટલે તરત જ નીચેથી સિસોટી વગાડીને અમને ત્યાંથી નીચે ઊતરી જવાનું કહ્યું. અમે તરત જ ત્યાંથી નીકળી ગયા. અમારા પછી જેટલા મુલાકાતીઓ આવ્યા, તેમને નથુલાપાસ જોવા દીધા વિના જ પાછા વાળવા લાગ્યા. આ એક અદ્દ્ભુત લ્હાવો હતો. પહેલી વખત આવો અદ્દ્ભુત અનુભવ થયો હતો. ૧૦–૧૫ સેકન્ડ પહેલા કંઈ ન હોય, અને ૧૦–૧૫ સેકન્ડ પછી પૂરેપૂરો ફેરફાર થઈ જાય, એવો લ્હાવો રૂબરૂમાં લેવાની ખૂબ મજા આવી.




મનમાં થયું કે માથાકૂટ કરીને નથુલાપાસ જોવાનું નક્કી કરાવ્યું તે સફળ થયું. અમારો ફેરો ફોગટ ન ગયો. વાતાવરણ બદલાવના સાક્ષી બન્યાનો આનંદ મનમાં ભરી ત્યાંથી નીકળ્યા. વળતાં વચ્ચે એક જળધોધ પાસે રોકાયા. રમણીય સ્થળ જોવાની ખૂબ મજા પડી. ત્યાં ત્યાંનાં ટ્રેડિશનલ કપડાં પહેરીને ફોટા પડાવ્યા.

સાંજે પાંચેક વાગ્યે ગંગટોક પહોંચ્યા. હોટલમાં પહોંચી જમ્યા અને

## ઠંડા-હરિયાળા પ્રદેશમાં

ફરીથી ગંગટોકની સ્વચ્છ-સુંદર બજારમાં લટાર મારવા નીકળી પડયા. એક પણ વાહન વગરની આ બજારમાં અહીંની અદ્ભુત કારીગરીવાળી ચીજો જોઈ, ઝાઝી તો નહિ, પણ થોડી ખરીદી કરી.પછી હોટલે આવ્યા અને ઊંઘી ગયા. રાત દરમિયાન વરસાદ તો ચાલુ જ હતો. કયારેક ઝબકીને જાગી જવાય તો વરસાદનું મધુર સંગીત સંભળાતું હતું.

તા. ૫/૬/૨૦૧૫

સવારે નાસ્તો કર્યો. પછી હોટલવાળાએ ટેક્ષી બોલાવી. સવારે ૮:૪૫ વાગ્યા હતા. ગંગટોકથી પેલિંગ જવા માટે રવાના થયા. ટેક્ષીના ડ્રાયવરે રસ્તામાં વચ્ચે આવતાં નામ્ચી વિશે માહિતી આપી. તેથી તે જોવા જવાની લાલચ જાગી. ટેક્ષીવાળાને વધારાનું ભાડું આપીને નામ્ચી ગયા. રસ્તામાં પર્વતના ઢોળાવો ઉપર પગથિયાં આકારનાં ખેતરો જોયાં. જેમાં મકાઈ વાવેલ હતી. આ ખેતરોમાં જુલાઈથી 'ધાન' વાવવામાં આવે છે. જે ઓકટોબર-નવેમ્બર સુધીમાં પાકી જાય છે. રસ્તામાં બંને બાજુ અનેક જાતનાં ફૂલો પણ જોવા મળ્યાં. સાથે સાથે પાઈન, વાંસ વગેરેનાં ઊંચાં-ઊંચાં વૃક્ષો જોયાં. આગળ વધતા 'ટેમી ટી ગાર્ડન' નામનો ચાનો બગીચો આવ્યો.



વાત ઉપરથી જાણવા મળ્યું કે ચાના છોડની ઉપરનાં ત્રણ પાંદડાંમાંથી બનેલ ચા ખૂબ મોંઘી હોય છે. અહીં થોડીવાર રોકાયા, ફોટા પાડયા અને પછી રવાના થયા.

રસ્તામાં શાકભાજી વેંચનારા પણ બેઠા હતા. જેમની પાસે ગાજર, લાલ મૂળા, આલુ, બટેટા વગેરે ઘણાં શાકભાજી હતાં. રસ્તામાં ઘણી જગ્યાએ બંને બાજુનાં વૃક્ષો જાણે એકબીજાને ચુંબન કરતાં હોય એમ સામસામે અડી ગયાં હતાં.

વચ્ચે ધોધમાર વરસાદ પણ આવી ગયો. રસ્તા ઉપર પાણી–પાણી થઈ ગયું. છતાં ટેક્ષી રોકાઈ નહોતી. આગળ વધતા ‘બુદ્ધ ગાર્ડન’ નામની જગ્યા આવી. અહીં ભગવાન બુદ્ધનું મંદિર છે.ગાર્ડનમાં બુદ્ધની ખૂબ જ ઊંચી પ્રતિમા છે. અહીં હતા ત્યાં જ ફરી ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. એટલે થોડીવાર રોકાયા. વરસાદ બંધ પડયો એટલે ફરી આગળ વધ્યા.

હવે અમે નામ્ચીના સિદ્ધેશ્વરધામ પહોંચ્યા.



## ઠંડા-હરિયાળા પ્રદેશમાં

આ સ્થળ સમુદ્ર- સપાટીથી ખૂબ ઊંચાઈવાળી જગ્યાએ છે. અહીંનું વાતાવરણ પણ સરસ હતું. અફાટ હિમાલયના આ ભાગ ઉપરથી હિમાલયના બીજા ભાગોનું મનોરમ્ય દર્શન થતું હતું. આજુબાજુ હિમાલય અને નીચે ઊંડી ખીણ. આવી સુંદર જગ્યાએ અમે પહોંચ્યા હતા.

અહીં હિંદુધર્મનાં પ્રખ્યાત ચારધામો દ્વારકા, જગન્નાથપુરી, રામેશ્વર અને બદ્રીનાથનાં મંદિરો આવેલાં છે. એટલે કે ચારધામની જાત્રા આ એક જ જગ્યાએ થઈ જાય છે. મંદિરો પણ કેવાં? જેવાં મૂળ ધામમાં છે એવાં જ દેખાવનાં. આવી જ રીતે ભારતનાં બાર જ્યોતિર્લિંગોનાં દર્શન પણ આ જગ્યાએ જ થઈ જાય છે. કારણ કે આ જ્યોતિર્લિંગોનાં મંદિરો પણ અહીં બનાવેલ છે. આ મંદિરો પણ મૂળ મંદિરો જેવાં જ બનાવ્યાં છે. ટૂંકમાં ભારતના દરેક ખૂણાનાં દર્શન આ એક જ જગ્યાએ થઈ જાય છે. ભક્તિનો અદ્ભુત લ્હાવો લઈને, એ પણ હિમાલયની સુંદર જગ્યાએથી અમે ફરી આગળ વધ્યા.

રસ્તામાં સાંઈમંદિર આવ્યું. વિશાળ અને ઉપર-નીચેના માળવાળું આ મંદિર સાંઈબાબાના જીવનનું દર્શન કરાવે છે.



મંદિરની દીવાલો ઉપર સાંઈબાબાના ફોટા કે ચિત્રો રાખેલ છે. થોડીવાર અહીં રહીને ‘નામ્ચીદર્શન’ પૂર્ણ કર્યાં અને હવે પેલિંગના રસ્તે આગળ વધ્યા. આખા રસ્તે વરસાદ તો ચાલુ જ હતો. કયાંક ધીમો પડતો હતો, તો કયાંક ધોધમાર વરસી જતો હતો. આ વરસતા વરસાદ સાથે રાત્રે ૮:૦૦ વાગ્યે પેલિંગમાં 'હોટલ કિંગ સ્ટોન'માં પહોંચ્યા. હોટલના સંચાલકોનું વર્તન સારું લાગ્યું. ગંગટોકમાં જે કડવો અનુભવ થયો તે તકલીફ અહીં ન પડી. ભૂખ પણ લાગી હતી અને થાક પણ લાગ્યો હતો. અમારી ઈચ્છા મુજબ જમવાનું બનાવી આપ્યું. જમીને થાકને લીધે ઝટ ઊંઘ આવી ગઈ.

<u>તા. ૬/૬/૨૦૧૫</u>

સવારે નાસ્તા વગેરેને ન્યાય આપીને 'પેલિંગ-દર્શન' માટે નીકળવાનું હતું. પેલિંગ સમુદ્રસપાટીથી ૬૨૫૦ ફૂટ ઊંચું છે. બરફથી ઢંકાયેલા પર્વતો અને પર્વતોનાં શિખરો પેલિંગને સુંદર બનાવે છે. ઈતિહાસમાં ઊતરતા જાણવા મળ્યું કે પહેલા પેલિંગ જંગલોથી છવાયેલું હતું. પરંતુ અહીં બે બૌદ્ધ મઠો-પેમયાંગત્સે અને સંગચોએલિંગ બનવાથી પેલિંગનો વિકાસ થયો અને સુંદર અને સમૃદ્ધ શહેર બન્યું. સિક્કિમનું ગંગટોક પછીનું મહત્ત્વનું શહેર પેલિંગ છે. પેલિંગના મૂળ વસવાટીઓ લિમ્બુ સમુદાયની જનજાતિ છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ઈલાયચી, મક્કા, ધાન, ઘઉં વગેરેની ખેતી કરે છે. ઓગસ્ટ માસમાં અહીં 'કાંચનજંઘા' તહેવારની ખૂબ જ ધામધૂમથી ઊજવણી થાય છે. ચોતરફ ઉત્સાહનો માહોલ છવાયેલો રહે છે. આ ઉત્સવમાં અનેક રમતોનું આયોજન થાય છે. સાથે સાથે લિંબુ નૃત્ય, ઉડિંગ અને છબરંગની પણ રંગત હોય છે.

પેલિંગ-દર્શન માટે ગાડીમાં બેઠા. પર્વતીય ઢોળાવોની ચડ-ઊતર

કરતી ગાડી આગળ વધવા લાગી. ગાડીમાંથી ખીણોનું અદ્‌ભુત સૌંદર્ય જોવા મળતું હતું. ખીણોના ઢોળાવો ઉપર ઘણાં ઘરો જોવા મળ્યાં. જ્યાં ઊંડાઈ અને ઊંચાઈને જોતા જ આપણને ડર લાગે, ત્યાં એ લોકો કાયમી રહે છે. ઘરમાંથી નીકળતા થોડી પણ ભૂલ થાય તો સીધા ખીણમાં પડે એવી જગ્યાએ આ લોકો નીડર બનીને રહે છે. આ ઢોળાવો ઉપર જ પગથિયાં જેવાં પોતાનાં ખેતરોમાં કામ કરે છે. આ લોકોનાં બાળકો પણ શાળાએ જવા-આવવા માટે આ ઢોળાવો ઉપર કોઈપણ જાતના ડર વિના ચડ-ઊતર કરે છે. સાહસનો એકાદ અનુભવ પણ માણસના મનમાંથી બધો ડર દૂર કરી દેતો હોય છે.

આગળ વધતા રસ્તામાં એક જળધોધ આવ્યો. તેનું નામ 'રીમ્બી વોટરફોલ' છે. પર્વતના શિખરેથી નીચે તરફ પડતો ધોધ મનોરમ્ય લાગતો હતો. ત્યાંથી થોડે જ આગળ વધતા હિમાલયના ભારતની હદમાં આવેલા દુનિયાના ત્રીજા નંબરના ઊંચા શિખર 'કાંચનજંઘા' પરથી એક વિશાળ-પહોળો જળધોધ ભયંકર અવાજ સાથે નીચે પડે છે. તેનું નામ 'કાંચનજંઘા વોટરફોલ' રાખવામાં આવ્યું છે. ધોધ સામે એકધારા જોતા રહીએ તો ચક્કર આવી જાય એવું લાગતું હતું.



## ઠંડા–હરિયાળા પ્રદેશમાં

કાંચનજંઘા સમુદ્રસપાટીથી ૮૫૮૬ મીટર ઊંચું હિમાલયનું શિખર છે. ઊંચાઈની દૃષ્ટિએ દુનિયામાં તેનો ત્રીજો નંબર છે. કાંચનજંઘાની એક તરફ સિક્કિમ છે, તો બીજી તરફ નેપાળની સીમા છે. લાલ પાંડા, બરફનાં અન્ય પ્રાણીઓ અને પક્ષીઓ માટેનું આ અભ્યારણ્ય છે. વનસ્પતિનું પણ અભ્યારણ્ય છે. કાંચનજંઘાનાં કુલ પાંચ શિખરો છે. જેમાંથી ત્રણ ભારતની હદમાં અને બે નેપાળની હદમાં છે. કાંચનજંઘાનું સૌંદર્ય જોવા માટે તો અનેકોની આંખો તરસતી હોય છે. પણ વાદળ કે ધુમ્મસને લીધે કોઈકને જ તેનું દર્શન થાય છે. અમને તો આ લ્હાવો મળી ગયો. સૂર્યના પીળા પ્રકાશથી શોભાયમાન કાંચનજંઘાના સૌંદર્યને ભરી-ભરીને પીધું. મનમાં ચડેલા કાંચનજંઘાના સૌંદર્યના નશાને લીધે જાણે લથડતી ચાલે અમે ત્યાંથી આગળ વધ્યા.

થોડે આગળ જતાં એક બુદ્ધમંદિર આવ્યું. બુદ્ધમંદિરમાં ભગવાન બુદ્ધની પ્રતિમા સુંદર લાગી. શાંત મુદ્રા અને જાણે સૌનું કલ્યાણ ઈચ્છતા હોય એવો ભાવ દેખાયો. ત્યાં એક નળાકાર – જેને માણેક કહેવાય છે – તે ફરતું રહે છે અને તેને લીધે ઘંટ આપમેળે વાગતો રહે છે.



## ઠંડા–હરિયાળા પ્રદેશમાં

ત્યાંથી થોડે દૂર 'ખેચીપેરી લેક' નામે તળાવ પણ છે. અમે વ્યક્તિદીઠ રૂ. ૧૦ અને ગાડીપાર્કિંગના રૂ. ૧૦ની ટિકિટ લઈને અંદર ગયા. પછી થોડું ચાલીને 'ખેચીપેરી લેક' પહોંચ્યા. જે પેલિંગથી ૩૪ કિમી દૂર છે.



આ તળાવને બૌદ્ધ અને હિંદુઓ પવિત્ર અને ઈચ્છાપૂર્તિ કરનાર માને છે. ચારે તરફ પર્વતથી ઘેરાયેલું આ તળાવ મનમોહક લાગતું હતું. અહીં સંપૂર્ણપણે બૌદ્ધ ધર્મનું વાતાવરણ હતું. જે પર્વતની વચ્ચે આ તળાવ આવેલું છે તે ખાયીકોપ્પાદરી પર્વત પણ પવિત્ર ગણાય છે. આ તળાવ 'કાંચનજંઘા નેશનલ પાર્ક'નો જ ભાગ છે. અહીં જ ગુરુ પદ્મસંભવાએ ૬૪૦૦૦ યોગિનીઓને ઉપદેશ આપ્યો હતો એવું કહેવાય છે. તળાવ અંદાજિત ૩૫૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે. ધાર્મિક, પવિત્ર અને નૈસર્ગિક વાતાવરણ તથા સ્થળમાં આવેલું આ તળાવ મનને પ્રફુલ્લિત કરી ગયું.

# ઠંડા–હરિયાળા પ્રદેશમાં

ત્યાંથી હોટલે પરત આવ્યા. હોટલે પહોંચી જમ્યા, થોડીવાર આરામ કર્યો અને ફરી બીજાં સ્થળો જોવા ગાડીમાં બેસી નીકળ્યા.

ખીણનું સૌંદર્ય નિહાળતાં-નિહાળતાં ફરી એક જળધોધ પાસે પહોંચ્યા. તેનું નામ 'ચાંગે વોટરફોલ' છે. આગળ જોયેલા બધા જળધોધથી પણ વધુ ઊંચાઈથી આ જળધોધ પડે છે. અહીં થોડીવાર રોકાયા, ફોટા પાડયા, સૌંદર્યને મન ભરીને માણ્યું અને આગળ વધ્યા.

રસ્તામાં 'ડેન્ટમ વેલી' નામની ખીણમાં નજર પડી. નજર તો પડી, પણ જોતાં જ રહી ગયા. ગાડીના ડ્રાયવરે પણ ગાઈડની અદાથી આ 'ખીણ' વિશે માહિતી આપી. અહીં ઘણાં લોકો રહે છે. આ ખીણ ઘણી ઊંડી છે. અહીં ખીણના સૌંદર્યમાં રહેતાં પરિવારોને સૌંદર્યપ્રેમી કહી શકાય કે નહિ!



ત્યાંનાં ઘરો અને ખેતરોને લીધે ભારત દેશના નકશાની રચના થઈ ગઈ છે. કોઈ ચિત્રકારે જાણે ભારતનું માનચિત્ર બનાવ્યું ન હોય! માનવ-ચિત્રકારે નહિ તો કુદરતે ભારતનું માનચિત્ર બનાવી દીધું છે.

## ઠંડા–હરિયાળા પ્રદેશમાં

ત્યાંથી આગળ વધ્યા એટલે 'શીંગશોર બ્રિજ' નામનો પુલ આવ્યો. તે ઊંડી ખીણ ઉપર લોખંડના મજબૂત તાર ઉપર બનાવેલ છે. આ પુલ ઉટ્ટરે ગામને ડેન્ટમ ગામ સાથે જોડે છે. પુલથી ઉટ્ટરે ગામ ૨૦ કિમી દૂર છે.



આ પુલ એશિયાખંડમાં ઊંચાઈની દૃષ્ટિએ બીજા નંબરનો પુલ છે. પુલની ઊંચાઈ ૧૦૦ મીટર જેટલી અને લંબાઈ ૨૦૦ મીટર જેટલી છે. અમે પણ આ પુલ ઉપર લટાર મારી. પુલ ઉપરથી નીચે ખીણમાં જોતાં તો જાણે ચક્કર આવી જાય, પણ કુદરતની સુંદરતાને નિહાળવાની દૃષ્ટિએ જોઈએ તો આંખ ઠરે, ચક્કર ન આવે. આ ખીણમાં જે બાજુ નજર કરીએ ત્યાં જળધોધ નજરે ચડે છે. અમે પણ કુદરતની આ નજાકતને આંખથી ખૂબ લૂંટી. (આ જળધોધોનાં નામ એની ફઈએ પાડયાં હોય તો પણ અમે જાણવાનો પ્રયત્ન કર્યો નહિ. કારણ કે સંખ્યા વધારે હતી, એટલે એટલાં બધાં નામ યાદ પણ ન રહે. વળી નામ કહે એવું કોઈ હતું પણ નહિ.) આવો પુલ મુંબઈમાં પણ સમુદ્ર ઉપર બનાવેલ છે.

આ બધું જોઈને પરત આવી રહ્યા હતા ત્યારે એલચીના છોડ વાવેલું ખેતર આવ્યું. અહીં એ છોડને બરાબર જોયા. પહેલી વખત જોતાં હતા ને! છોડ ઉપર એલચી નહોતી. હાલ તેની મોસમ નહોતી. જ્યારે એલચી થાય

ત્યારે તે છોડના મૂળના ઉપરના ભાગમાં થાય એવું જાણવા મળ્યું.

હવે આજના દિવસનું છેલ્લું સ્થળ 'રાબડેન્ટ્સ રુઈન્સ' જોવા ગયા. આગળ રસ્તો અને વાતાવરણ બંને ખરાબ. પરંતુ આ વાતાવરણ ચીરીને આગળ વધતા એક કિલ્લો જોવા મળ્યો. જે રાજાશાહી વખતનો છે. તે સમયના રાજા અહીં આવતા. અહીં સુંદર બાગ પણ છે. આ સ્થળ પુરાતત્ત્વીય સ્થળ છે. જે સિક્કિમના ગૌરવની કથા રજૂ કરે છે. તે સમયની સિક્કિમની બીજી રાજધાની એટલે આ સ્થળ. નેપાળના આક્રમણને લીધે આ મહેલ અને મઠ-સંકુલનો નાશ થયો હતો. દરવાજાથી અંદર જઈએ એટલે પહેલા તો શેવાળથી લથબથ ચેસ્ટનટનાં વૃક્ષો દેખાયાં. ત્યારે થયું કે, આવા સ્થળે શું આવ્યા? પણ વધારે અંદર જઈએ ત્યારે રાજાશાહી વખતની સિક્કિમની ભવ્યતા દર્શાવતા મહેલનું દર્શન થાય. અહીં શાહીપરિવાર માટેનું પ્રાર્થનાસ્થળ પણ છે. હા, રસ્તામાં હિમાલયનાં દુર્લભ પક્ષીઓનું દર્શન પણ થઈ જાય.

આ બધું જોઈ ફરી હોટલે આવ્યા, જમ્યા અને ધીમે-ધીમે બધા ઊંઘી ગયા.

<u>તા. ૭/૬/૨૦૧૫</u>

સવારે ૮:૪૫ વાગ્યે પેલિંગથી દાર્જિલિંગ જવા રવાના થયા. પેલિંગથી દાર્જિલિંગ જવા માટેનો રસ્તો ઊંચા ઢાળવાળો છે. ઘણી જગ્યાએ રસ્તામાં નીચે ઊતરતો ઢાળ આવે, તો કયાંક વળી એકદમ ચઢાણવાળો ઢાળ આવી જાય. રસ્તામાં અમુક નાનાં-નાનાં ગામો પણ આવ્યાં. અહીં રહેતાં લોકો પગથિયાં આકારનાં ખેતરોમાં ખેતી કરે છે. આ ખેતરોમાં પણ મકાઈ વાવેલી જોવા મળી. કયાંક-કયાંક નાના જળધોધ પણ જોવા મળ્યા.

આવી રીતે ચડ-ઊતરવાળા રસ્તે અમે પણ ચડ-ઊતર થતાં-થતાં

બપોરે ૧:૦૦ વાગ્યે દાર્જીલિંગ પહોંચ્યા. તો અહીં ટ્રાફિકના લીધે એકાદ કલાક રસ્તામાં અટવાયા. પછી પેકેજ ટુરમાં નક્કી થયેલ હોટલે પહોંચ્યા, તો તેણે રૂમની ના પાડી. પછી બીજી હોટલમાં ગોઠવણ થઈ ત્યાં સુધીમાં ઘણો સમય વીતી ગયો હતો. હોટલે જઈ જમ્યા ત્યાં સાંજ પડી ગઈ. જેથી આજના દિવસમાં કોઈ સ્થળની મુલાકાત લઈ શકાય નહિ. રાતનું દાર્જીલિંગ જાણે અનેક તારા ધરતી ઉપર આવીને ઝગમગતા હોય એવી લાઈટોથી ઝગમગતું હતું.



પ. બંગાળામાં આવેલું ગિરિમથક દાર્જીલિંગ સમુદ્રસપાટીથી ૬૭૦૦ ફૂટ જેટલું ઊંચું છે. હિમાલયની ઊંચી-ઊંચી હિમાચ્છાદિત ટેકરીઓથી તે ઘેરાયેલું છે. કાંચનજંઘા શિખરનું દર્શન અહીંથી સારી રીતે થઈ શકે છે. દાર્જીલિંગની આવકનો આધાર ચા અને પર્યટન છે. દાર્જીલિંગમાં ઘણી જાતની ચા બને છે, જે વિશ્વભરમાં પ્રખ્યાત છે. ગોરખાલેંડની અલગ માંગને લીધે અહીં ઘણી વખત આંદોલનો થાય છે અને અહીંની અર્થ-વ્યવસ્થા પડી ભાંગે છે. તેને લીધે પર્યટન ઉપર પણ માઠી અસર પડે છે. છતાંયે પ્રવાસીઓમાં દાર્જીલિંગનું મહત્ત્વ ઓછું થતું નથી. 'મોમો' અહીંની પ્રખ્યાત વાનગી છે. જે સૂપ અને અથાણા સાથે ખવાય છે. અહીં આથેલી વાનગીઓ વધારે ખવાય છે.

## ઠંડા–હરિયાળા પ્રદેશમાં

**તા. ૮/૬/૨૦૧૫**

સવારે ૩:૦૦ વાગ્યે જાગીને ૪:૦૦ વાગ્યે દાર્જીલિંગના 'ટાઈગર હીલ' નામના સ્થળે 'ઊગતો સૂર્ય' જોવાનો લ્હાવો લેવા ગયા. સૂર્ય ઊગવાનો સમય ૫:૧૫ હતો. પરંતુ ધુમ્મસ એટલું હતું કે સૂર્યનાં દર્શન થયાં જ નહિ. લગભગ સવારે ૬:૦૦ વાગ્યાની આસપાસ ધુમ્મસ ઓછું થતાં સૂર્યએ પૃથ્વીને જોવા ડોકયું તાણ્યું. વળી આ ગાળામાં વરસાદનું ઝાપટું પણ આવી ગયું. એટલે માટી લપસણી બની અને ઘણાંએ લપસીને પૃથ્વીને સાષ્ટાંગ પ્રણામ કરી લીધા.



યુનેસ્કોએ 'ટાઈગર હીલ'નો સમાવેશ વર્લ્ડ હેરિટેજ સાઈટમાં કરેલ છે અને તેના લીધે આ સ્થળની પ્રસિદ્ધિ વધી છે. આ સ્થળેથી દુનિયાનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ અને ભારતની હદમાં આવેલું દુનિયાનું ત્રીજા નંબરનું ઊંચું શિખર કાંચનજંઘા એક સાથે જોવા મળે છે. સૂર્ય ઊગે એ પહેલા જ સૂર્યના પ્રકાશને લીધે કાંચનજંઘા પ્રકાશિત થઈ ઊઠે છે. 'ટાઈગર હીલ' અને માઉન્ટ એવરેસ્ટ વચ્ચેનું સીધું અંતર ૧૭૨ કિમી જેટલું છે. વાદળ વિનાનું ચોખ્ખું હવામાન હોય તો મેચી નદી, તિસ્તા નદી, બાલાસન નદી અને મહાનંદા નદીને સર્પાકારે નીચે તરફ વહેતી જોઈ શકાય છે.



08/06/2015

ફરી ગાડીમાં બેસી ત્યાંથી નીકળ્યા. થોડે આગળ જતાં 'બતાસે લૂપ' નામની જગ્યા આવી. આ જગ્યા એટલે કોઈ મંદિર નહોતું, પણ મંદિરથી પણ વિશેષ મહત્ત્વ ધરાવતું આ સ્થળ આઝાદી પછી થયેલા યુદ્ધમાં માતૃભૂમિના રક્ષણ માટે પોતાના મૂલ્યવાન જીવનનું બલિદાન આપીને યુદ્ધભૂમિમાં શહીદ થયેલા સૈનિકોનું સ્મારક છે. જેનું સર્જન ઈ.સ. ૧૯૯૫માં થયેલું છે.



અહીં સુંદર બગીચો પણ છે. જેમાં જાત-જાતનાં ફૂલો હતાં. ઘણાં ફૂલો ઉપર બેસીને મધમાખીઓ મીઠું મધ બનાવવા માટે ફૂલોનો રસ ચૂસી રહી હતી. બગીચો એક પછી એક ઊંચાં ગોળ પગથિયાંકારે બનાવેલ છે. આ બગીચાના નીચેના ભાગમાં કપડાં વેંચનારા પણ બેઠા હતા. અહીં 'ટોય ટ્રેન'ના પાટા પણ છે. જેના ઉપર નાની ટ્રેન ચાલે છે.

## ઠંડા-હરિયાળા પ્રદેશમાં

'બતાસે' અથવા 'બતાસિયા'નો અર્થ થાય છે 'હવાની અવરજવર'. ૫૦,૦૦૦ ચો.ફૂટમાં પથરાયેલી આ જગ્યા ખૂબ જ રમ્ય છે. ચડ-ઊતર ઢાળવાળી જગ્યામાં ટ્રેન ચાલે એવી રીતે પાટાની ગોઠવણી કરવી એ પણ ઉત્તમ ઈજનેરીનાં દર્શન કરાવે છે. અહીં એક વિભાગ 'ઈકો ગાર્ડન' છે. અહીં છોડની દુર્લભ વિવિધ પ્રજાતિઓ જોવા મળે છે. આ રીતે આ સ્થળ સુંદરતા અને ભવ્યતાની ઝાંખી કરાવે છે. શહીદસ્મારક પાસે શહીદોને મસ્તક નમાવી આગળ વધ્યા.

હવે 'ઘૂમ મોનેસ્ટ્રી' નામનું બૌદ્ધમંદિર આવ્યું. પર્વતનો ઢાળ કાપીને ઊંચાઈ ઉપર બનાવેલ સુંદર મંદિર. જેમાં લગભગ પાંચ વિભાગ છે. એક વિભાગમાં માણેક છે. માણેક એટલે બૌદ્ધ ધર્મમાં પવિત્ર માનવામાં આવતું નળાકાર. જે મોટાભાગે ગોલ્ડન કલરમાં હોય છે અને દર્શનાર્થી તેમને ઘુમાવે છે. બીજા વિભાગમાં બુદ્ધની વિશાળ મૂર્તિ છે. જેની ઊંચાઈ ૧૫ ફૂટ જેટલી છે. ત્રીજા વિભાગમાં લામાઓનો નિવાસ, ચોથા વિભાગમાં લામાઓની શાળા અને પાંચમાં વિભાગમાં નાસ્તા અને કોફીની વ્યવસ્થા રાખેલ છે.



સવારે ૮:૩૦ વાગ્યે નાસ્તા માટે હોટલે પાછા આવ્યા, અને નાસ્તો કરી ફરી બીજાં સ્થળો જોવા નીકળ્યા. હવે અમારી ગાડી ‘રોક ગાર્ડન’ નામના સ્થળે પહોંચી.પર્વતના ઢોળાવો ઉપર બનાવેલ આ સુંદર જગ્યા છે.



પર્વતની ટોચથી નીચે સુધી પગથિયાંકારે પડતો જળધોધ મનમોહક લાગતો હતો. આ જગ્યાએ ઉપર સુધી જવા માટે સર્પાકારે રસ્તો બનાવેલ છે. રસ્તા ઉપર ચાલતાં-ચાલતાં કુદરતનું નયનરમ્ય રૂપ જોઈ શકાતું હતું. ઉપરના ભાગમાં ફાઉન્ટેન અને સુંદર ફૂલોનો બાગ પણ બનાવેલ છે. દાર્જીલિંગ શહેરથી અંદાજિત દસેક કિમી બહાર આ સુંદર જગ્યાને આકાર આપવામાં આવ્યો છે. આ ગાર્ડન ત્યાંથી પડતા જળધોધની સુંદરતા વધારવા અને પ્રવાસીઓને મનમોહિત કરવા બનાવેલ છે. અહીં નાનું તળાવ બનાવીને સુંદરતામાં વધારો કરેલ છે.વરસાદી દિવસોમાં તો રોક ગાર્ડન દુલ્હન જેવું

રૂપ ધારણ કરે છે. અહીં રાખેલા બાંકડાઓ ઉપર બેસીને પણ અહીંના સૌંદર્યને મન ભરીને પી શકાય છે અને નશામાં ડૂબી શકાય છે.

હવે અમે પહોંચ્યા ‘ઝૂલોજીકલ પાર્ક અને હિમાલયન માઉન્ટેનરીંગ ઈન્સ્ટીટ્યૂટ’માં. ઝૂ(પ્રાણીસંગ્રહાલય)માં હિમાલયના પહાડી પ્રદેશમાં વસતાં અનેક પ્રાણીઓ હતાં. આ પાર્કનું ધ્યેય હિમાલયન પ્રાણીસૃષ્ટિનો અભ્યાસ અને જાળવણી છે. ૧૪ ઓગસ્ટ, ૧૯૫૮થી શરૂ થયેલ આ પાર્ક ઊંચાઈવાળા સ્થળે બનેલ છે. ઝૂમાં હિમચિત્તો, લાલ પાંડા, પર્વતીય બકરી, સાઈબીરિયન વાઘ, હિમાલયન દીપડો જેવાં અનેક પ્રાણીઓ અને ભયંકર લાગતાં પક્ષીઓ પણ છે. ઉપરાંત તિબેટીયન વરુ, વાદળી ઘેટા, ગ્રે મોર વગેરે પણ છે.




અહીંના ઈન્સ્ટીટ્યૂટમાં હિમાલય ઉપર ટ્રેકિંગ કરવાનું શીખવતું યુનિટ અને હિમાલયનાં ઊંચાં શિખરો સર કરનાર સાહસવીરોની માહિતી, ફોટા અને તેઓએ ઉપયોગમાં લીધેલ હથિયારો અને કપડાં વગેરેનું મ્યુઝીયમ છે. દુનિયાના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટ ઉપર પહેલી વખત પગ મૂકનાર તેનસીંગના ફોટા, કપડાં, બૂટ, હથિયાર વગેરે અહીં છે. સાથે સાથે અત્યાર સુધીમાં એવરેસ્ટને સર કરનાર દરેકની માહિતી અહીં રાખેલ છે. ઘણું બધું જોયું અને ઘણું બધું જાણ્યું. પછી ત્યાંથી નીકળી આગળ

વધ્યા.

હવે એક શાળા આવી. આ શાળાનું નામ 'સેન્ટ જોસેફ સ્કૂલ' છે. આ સ્કૂલમાં હિન્દી ફિલ્મ ‘મૈં હૂઁ ના’ અને ‘યારિયા’નું શુટીંગ થયેલ હતું. શાળા પછી નજીકમાં જ અહીંનો પ્રખ્યાત 'રોપ-વે' આવ્યો. સમય ઓછો હોવાથી અહીં આ મજાને જતી કરી.

હવે આગળ વધતા ‘તેનસીંગ રોક’ નામની એક જગ્યા આવી. જ્યાં દોરીના સહારે પર્વત ઉપર ચડવાનું શીખવવામાં આવે છે.



ઘણા તો ફોટો પડાવવા માટે પર્વત ઉપર ચડવાની માત્ર 'એકશન' કરતા હતા. અમે તો એ પણ ન કર્યું. અહીં નજીક-નજીકમાં બીજા બે રોક પણ જોવા મળ્યા.

આ બધું જોઈ અમે એક ટી-ગાર્ડનમાં ગયા. અહીં ચાનો મોટો બગીચો છે અને અહીં તૈયાર થયેલી ચાના વેંચાણ માટે ઘણી દુકાનો પણ છે. અહીં એવી પ્રથા છે કે આપણી ગાડી જે દુકાન સામે ઊભી રાખી હોય તે દુકાનમાંથી જ ચાની ખરીદી કરી શકાય. દાર્જીલિંગમાં અમારે જોવા માટે આ છેલ્લું સ્થળ હતું. જોવા જેવું તો ઘણું છે, પણ સમયના અભાવે બધું જોઈ

શકાયું નહિ. અહીંથી સીધા હોટલે ગયા, બપોરનું ભોજન કર્યું અને દાર્જીલિંગને 'બાય બાય' કરી નીકળી પડયા સીલીગુડી જવા માટે. ત્યાં પહોંચ્યા ત્યાં સુધીમાં સાંજ પડી ચૂકી હતી. હોટલ શોધી ત્યાં રાત ઘણી વીતી ચૂકી હતી અને છેવટે 'હોટલ હિન્દુસ્તાન'માં રોકાયા.

<u>તા. ૯/૬/૨૦૧૫</u>

આજનો દિવસ આરામ માટે રાખ્યો હતો. એટલે કોઈ સ્થળની મુલાકાતમાં ગયા નહિ. હોટલમાં આરામ કર્યો અને પછી સીલીગુડીની બજારો જોવા નીકળ્યા. અહીંની પ્રખ્યાત 'હોંગકોંગ માર્કેટ' વિશે સાંભળ્યું તો ત્યાં પણ ગયા અને બે–ચાર વસ્તુ ખરીદી. ફરી હોટલમાં આવી આરામ કર્યો અને હવે પછીના પ્રવાસનું આયોજન કર્યું.

<u>તા. ૧૦/૬/૨૦૧૫</u>

આજે અમારે ભુતાનની ધરા ઉપર પહોંચવાનું હતું. એટલે સવારે વહેલા જાગીને પાંચ વાગ્યે સીલીગુડીથી રવાના થઈ ગયા. રસ્તામાં ઊંચાં–ઊંચાં વૃક્ષો, સીલીગુડી પાર્ક, ઠંડી–ખુશનુમા હવા વગેરેનો અનુભવ કરતાં–કરતાં આગળ વધી રહ્યા હતા. રસ્તામાં જંગલ આવ્યું. જંગલમાં વાદળાં જાણે ધુમાડો લાગતાં હતાં. વચ્ચે કુટલાબારી નામનું પશ્ચિમ બંગાળનું એક ગામ આવ્યું. આગળ વધતા ચાના બગીચા પણ જોવા મળ્યા. ચાના બગીચા મોટાભાગે પર્વતના ઢોળાવો ઉપર થાય છે, પણ અહીં તો સમતલ ખેતરમાંય ચાના છોડ વાવેલ હતા, અને બગીચા બનાવેલ હતા. એક ખેતરમાં કીક નામનાં વૃક્ષો જોવાં મળ્યાં. ગાડીવાળા ભાઈ પાસેથી જાણવા મળ્યું કે, આ વૃક્ષના લાકડાને ઊધઈ લાગતી નથી. આગળ વધતા રસ્તામાં 'આર્મીકેમ્પ' આવ્યો. ગાડીના ડ્રાયવરનું કહેવું હતું કે, 'ભારતનો આ સૌથી મોટો આર્મીકેમ્પ છે અને તે સારો છે અને ખતરનાક પણ છે. હવે

રસ્તામાં પશ્ચિમ બંગાળનું જલદાપારા અભ્યારણ્ય આવ્યું, જે ગેંડા માટેનું અભ્યારણ્ય છે.

સવારના ૯:૧૫ વાગ્યા. હવે અમે પહોંચ્યા ભુતાનની સરહદે આવેલા ભારતના છેલ્લા ગામ જયગાંવ. જયગાંવ પૂરું થાય ત્યાં એક દરવાજો છે.



આ દરવાજામાં અંદર પ્રવેશીએ એટલે ભુતાનનું ગામ ફુન્ટસોલિંગ શરૂ થાય છે. ભુતાનમાં પ્રવેશવા માટેની પરમીટ અહીંથી લેવી પડે છે. અમે પણ આ વિધિ માટે ગોઠવાઈ ગયા.

ભુતાનમાં કામ કરવા જવા માટેની પરમીટ લેવાવાળાની તો લાંબી કતાર હતી. અમારી પરમીટની વિધિ પૂરી થઈ ત્યાં ૧૧:૩૦ વાગી ચૂક્યા હતા. એટલે નક્કી કર્યું કે, જમ્યા પછી જ આગળ વધીએ. જયગાંવમાં આવેલ

એક રાજસ્થાની લોજમાં જમવા ગયા. અહીં એવો નિયમ હતો કે 'ફીકસ થાળી'માં પણ કોઈ સાથે ન જમી શકે.

જમ્યા પછી ભુતાનની ધરતી ઉપર આગળ વધ્યા. પહેલા અમે ભુતાનની રાજધાની થીમ્ફુ જવાનું નક્કી કર્યું. વચ્ચે કયાંક ઝરમર, તો કયાંક વધારે વરસાદનો અનુભવ થયો. સાથે સાથે ઠંડીનો ચમકારો પણ અનુભવાતો હતો. પર્વતની ખીણમાં સફેદ-સફેદ વાદળો પણ રમતો રમતાં હતાં. કુદરતની રચના જોવાની ખૂબ મજા પડતી હતી. વચ્ચે 'દામ વ્યૂ' નામની જગ્યા આવી. ત્યાં થોડીવાર રોકાયા, ત્યાંનું સૌંદર્ય ભરી-ભરીને પીધું, ફોટા લીધા અને આગળ વધ્યા. પછી તો 'અબ્દુલભાઈની મોટર ચાલે પમ પમ પમ.' હા, ગાડીના ડ્રાયવરનું નામ અબ્દુલ હતું.

એક વાત કહેવાની તો રહી ગઈ! ભુતાનમાં પ્રવાસે જઈએ ત્યારે જે ગાડીની પરમીટ લીધી હોય, તે ગાડી જ ભુતાનમાં રહીએ ત્યાં સુધી રાખવી પડે છે, બદલી શકાતી નથી.

રસ્તામાં આગળ વધી રહ્યા હતા, તો વરસાદ પણ દર્શન દેવા માટે સતત સાથે જ રહેતો હતો. થીમ્ફુ પહોંચ્યા ત્યાં અંધકાર ઘેરી વળ્યો હતો અને સાંજના ૭:૩૦ વાગી ચૂકયા હતા. ભુતાનમાં અજાણ્યું ન પડે તે માટે 'પેકેજ ટુર' જ ગોઠવેલ. એટલે હોટલ શોધવાની ન હતી. થીમ્ફુ પહોંચીને સીધા 'હોટલ વેલકમ હોમ'માં પહોંચ્યા. આખા દિવસની મુસાફરીનો થાક હતો, ભૂખ લાગી હતી, એટલે રૂમમાં સામાન રાખી જમ્યા અને પછી તો ભુતાનની ઠંડીમાં પથારીમાં પડયા ભેગા ઊંઘરાણી પહોંચી ગયાં.

<u>તા. ૧૧/૬/૨૦૧૫</u>

આજે થીમ્ફુ-દર્શનનું આયોજન હતું. અહીં અમને એક વાત એ અલગ લાગી કે, દુકાન, હોટલ વગેરેનું સંચાલન સ્ત્રીઓ જ કરે છે. દુકાન કે

હોટલમાં સંચાલન કરતો કોઈ પુરુષ જોવા ન મળ્યો.

થીમ્ફુનાં જોવાલાયક સ્થળો જોવા નીકળ્યા તો સૌથી પહેલા 'કિંગ્સ મેમોરિયલ ચોર્ટસ' નામની જગ્યાએ પહોંચ્યા. તે એક સ્તુપ છે. જે ઈ.સ. ૧૯૭૪માં બનેલ છે. ઈ.સ. ૨૦૦૮માં સમારકામ કરીને સરસ દેખાવ બનાવ્યો.



આ સ્થળ થિમ્ફુનું સૌથી દર્શનીય સ્થળ ગણાય છે. અહીં પ્રાર્થનાહોલમાં લોકો પ્રાર્થના માટે મળે છે. ચાર પ્રવેશદ્વારવાળું આ સ્થળ સુંદર લાગે છે.

ભુતાનના લોકોનો મુખ્ય ધર્મ બૌદ્ધ હોવાથી અહીં બૌદ્ધમંદિરો વધારે છે. તેને ત્યાંની ભાષામાં 'ઝોંગ' કહે છે. અમે હવે આવા એક ઝોંગ પહોંચ્યા. લોકો અહીં પ્રદક્ષિણા કરી રહ્યા હતા. ત્યાં લાકડાનાં પાટિયાં રાખેલાં છે. આ પાટિયાં ઉપર લોકો દંડવત્ કરી રહ્યાં હતાં. સ્વચ્છતા સાથેનું આ સ્થળ સુંદર

બગીચાથી પણ શોભાયમાન હતું.

અહીંથી આગળ વધીને સેમ્તોખા ઝોંગ પહોંચ્યા. અહીં બૌદ્ધધર્મી લોકો પોતાનાં નાનાં બાળકોને ધર્મગુરુનાં આશીર્વાદ લેવડાવવા માટે આવતા હતા. આ બાબત અહીંના લોકોની ધાર્મિક શ્રદ્ધા હશે. અમે ત્યાં હતા એ સમયે જ 'રોયલ ફેમિલી'(રાજપરિવાર)ના સભ્યો પણ આવ્યા હતા. જેમાં રાજાની માતા, પુત્ર, પુત્રી, પુત્રવધૂ વગેરે હતાં. આ પરિવારના સભ્યો સામાન્ય લોકો સાથે પણ હળી-મળી જતાં હતાં. મંદિરમાંથી વિદાય થતી વખતે જ્યારે અમે તથા આ પરિવાર પગથિયાં ઊતરી રહ્યા હતા ત્યારે એક સામાન્ય સ્ત્રી પોતાના બાળકને લઈને પગથિયાં ચડી રહી હતી. રાજમાતાએ ઊભા રહીને એ બાળકના માથા ઉપર હાથ મૂકીને આશીર્વાદ આપ્યાં. આ જોઈને આ પરિવાર પ્રત્યે ખૂબ માન ઊપજ્યું.

આગળ જતાં એક પ્રાણીસંગ્રહાલય આવ્યું. તેનું નામ 'ટેકીન ઝૂ' છે. 'ટેકીન' ત્યાંના એક પ્રાણીનું નામ છે અને તે ભુતાનનું રાષ્ટ્રીય પ્રાણી છે.



નામ મુજબ આ ઝૂમાં ટેકીન વધારે હતાં. સાથે સાથે અન્ય પ્રાણીઓ પણ હતાં, જે ભારતનાં ઘણાં પ્રાણીઓના દેખાવને મળતાં હતાં, પણ અલગ હતાં. આ ઝૂ ચઢતાં-ઊતરતાં ઢાળમાં બનેલું છે.

ઝૂમાં ટહેલી અમે 'થાંગટોંગ દેવાસી ડપથોપ ન્યૂનેરી' પહોંચ્યા. આટલું લાંબું નામ જોઈને કંઈ અલગ જ કલ્પના કરો એ પહેલા ચોખવટ કરી દઉં કે આ સ્થળ કોઈ મંદિર કે મ્યુઝીયમ નથી, તે છે બૌદ્ધ ધર્મની મહિલા લામાઓનું નિવાસસ્થાન. નાની-મોટી ઉંમરની ઘણી મહિલા લામાઓ અહીં રહે છે અને શિક્ષણ પણ મેળવે છે. આ સ્થળની બહાર નીકળી ખીણમાં જોઈએ એટલે સામે જ રાજાનું નિવાસસ્થાન, પાર્લામેન્ટ, અદાલત વગેરે દેખાય. સુંદર હરિયાળી વચ્ચે આ સ્થળો ખૂબ સુંદર લાગતાં હતાં.



## ઠંડા-હરિયાળા પ્રદેશમાં

હરિયાળીની વાત આવી, તો વચ્ચે એક વાત યાદ આવી. અહીં જે પણ સ્થળે જતા હતા, ત્યાં સુંદર બગીચો તો હોય જ! મોટો બગીચો ન હોય, તો દીવાલો ઉપર ફૂલની વેલો જોવા મળે. વળી જાત-જાતનાં ને ભાત-ભાતનાં ગુલાબનાં ફૂલો પાર વગરનાં જોવા મળે. તેમાંયે ફૂલ જોઈને મારું મન નાચી ઊઠે, એટલે ફૂલનો ફોટો તો હું પાડી જ લઉં, ભલે પછી મારો ફોટો ન આવે. આ વખતના અમારા પ્રવાસમાં અમે જ્યાં ગયા ત્યાં ઠંડું વાતાવરણ હતું, હરિયાળી હતી, સુંદરતા હતી, સ્વચ્છતા હતી. આવા વાતાવરણમાં મન પ્રફુલ્લિત રહેતું હતું, થાક લાગતો નહોતો અને લાગતો ત્યારે અહીંના વાતાવરણની અસરમાં થાક ક્યાં ભાગી જાય તે ખબરેય ન પડે.

આ બધું જોતાં-જોતાં અમે પહોંચ્યા 'Thimphu Institute For Zorig Chusum'માં. આ સ્થળ એટલે ભુતાનનું આર્ટ ઈન્સ્ટીટ્યૂટ.



## ઠંડા–હરિયાળા પ્રદેશમાં

ભુતાનની ૧૩ જાતની પારંપરિક કળાઓ અહીં શીખવવામાં આવે છે. જેમાં કાગળકામ, મૂર્તિકળા, ભરતકામ, સીવણકામ, ચીટકકામ, કાષ્ઠકામ, શિલ્પકામ, સજાવટ, ચિત્રકામ, કોતરકામ, માટીકામ, વેસ્ટમાંથી બેસ્ટ જેવી કળાઓનો સમાવેશ થાય છે. અહીં જ ભુતાનનાં પારંપરિક વસ્ત્રો સહિતનું મ્યુઝીયમ પણ છે. જેમાં અહીં શીખવવામાં આવતી કળાઓના નમૂના રાખવામાં આવ્યા છે. સાથે સાથે વેંચાણ પણ થાય છે.

આ બધું નિહાળી અમે પહોંચ્યા ભુતાનની ઊંચી, સુંદર, વિશાળ જગ્યાએ. અહીં ઊંચાઈ ઉપર ભગવાન બુદ્ધની ખૂબ ઊંચી પ્રતિમા રાખવામાં આવી છે.



# ઠંડા-હરિયાળા પ્રદેશમાં

આ પ્રતિમા બ્રોંઝની બનેલી છે અને સોનાથી મઢેલી છે. તેની ઊંચાઈ ૧૭૯ ફૂટ જેટલી છે. અહીંના પર્વતો કરતાં પણ આ પ્રતિમા ઊંચી લાગતી હતી. ગોલ્ડન કલરની આ પ્રતિમા ખૂબ ચમકતી હતી. આ જગ્યાએથી નીચે જોતા ખીણના અદ્‌ભુત સૌંદર્યનું દર્શન થતું હતું.

આજના દિવસમાં ઘણી વખત વરસાદ પણ આવી ગયો હતો. છતાં અમે તો બધે ફરતા જ રહ્યા.

સાંજના સમયે ધ્વજને ઉતારતી વખતે રાજા સૈન્યની સલામી લે છે, જે જગ્યાએ આ વિધિ થાય છે ત્યાં પહોંચ્યા, પણ થોડું મોડું થઈ ગયું. પહોંચ્યા ત્યાં વિધિ પૂર્ણ થઈ ચૂકી હતી.



આ સ્થળે અંદર ગયા તો ગુલાબનાં જાત- જાતનાં ફૂલોનો બગીચો જોવા મળ્યો. અંદર વિશાળ બૌદ્ધમંદિર પણ છે. મને નામ નથી આવડતું એવાં વૃક્ષો પણ જોયાં. જેનો આકાર છત્રી જેવો લાગતો હતો.

પછી થીમ્ફુની બજારમાં લટાર મારી અને આનંદ સાથે આજનો દિવસ પૂર્ણ થયો.

તા. ૧૨/૬/૨૦૧૫

સિક્કિમ હોય કે ભુતાન, ઠંડા વાતાવરણમાં આવેલા વિસ્તારો છે, એટલે વહેલા તો ફરવા ન નીકળી શકાતું. આજે અમારે થીમ્ફુથી પુનાખા જવાનું હતું. એટલે ઠંડી થોડી હળવી થઈ, સવારના ૯:30 વાગ્યા અને અમે નીકળ્યા. ઊંડી ખીણથી ટોચ સુધી ઘટાદાર અને ઊંચાં વૃક્ષો રસ્તામાં જાણે અમારી સાથે જ ચાલતાં ન હોય! પર્વતીય ઢોળાવ કાપીને આ રસ્તો બનાવેલ છે. આ રસ્તે ઢોળાવમાં જ્યાં-જ્યાં ગોખલા જેવા ખાડા હતા, તેમાં અહીંની ધાર્મિક વિધિના ભાગરૂપે કે કોઈ શ્રદ્ધારૂપે દીવાનું કોડિયું અને લોટ મૂકેલ જોવા મળ્યાં. ગાડીના ડ્રાયવરને આ બાબતની વધુ જાણકારી નહોતી. એટલે પાક્કી માહિતી ન મળી.

પર્વતીય ઢોળાવોમાં કયાંક-કયાંક મકાનો અને ખેતરો પણ જોવા મળ્યાં. અડધો રસ્તો કપાયો હશે ત્યાં 'દોસુલા' નામની જગ્યા આવી.



કુદરતી વાતાવરણ વચ્ચે આવેલું બૌદ્ધ ધર્મનું આ સ્થળ આહ્‌લાદક અનુભવ કરાવતું હતું. અમે ત્યાં પહોંચ્યા ત્યારે આ સ્થળ જાણે ધુમ્મસ સાથે

સંતાકૂકડી રમતું હોય એવું લાગ્યું. પરંતુ વાસ્તવમાં તે ધુમ્મસ નહિ, વાદળો જ હતાં.

વચ્ચે એક વાત. આપણે અહીં ગુજરાતમાં કાળઝાળ ગરમી પડતી હતી, ત્યારે સિક્કિમ-ભુતાનમાં ઠંડી તો હતી જ, સાથે સાથે વરસાદ પણ રોજ આવતો હતો. આ બંને જગ્યાએ અમારો એકેય દિવસ વરસાદ વગર નહોતો ગયો.

આજે પણ રસ્તામાં ઘણી જગ્યાએ વરસાદ અમારી સાથે હસ્તધૂનન કરવા અને પુનાખામાં અમારું સ્વાગત કરવા આવી જતો હતો. પણ આ વરસાદને લીધે ઘણી જગ્યાએ ખરાબ થઈ ગયેલો રસ્તો અને કાદવ-કીચડ અમને નડી જતા.

હવે એક નદીનો સાથ પણ મળ્યો. 'સાગર' નજીક જતો હોય, તો સરિતા ગાંડી તો થાય જ ને! નદીના કાંઠે પાણીથી ભરેલાં ડાંગરનાં ખેતરો પણ જોવા મળ્યાં. એક બાજુ ખળખળ વહેતી ખીણની એ નદી, બીજી બાજુ અમારી ઘરઘરાટવાળી ગાડી અને ત્રીજી બાજુ વારંવાર હસ્તધૂનન કરીને આકરું સ્વાગત કરવા આવતો વરસાદ - આ બધું જોતાં-માણતાં- સહેતાં, નાનાં-નાનાં ગામોને વટાવતાં અમે બપોરે ૧૨:૫૦ વાગ્યે પુનાખા પહોંચ્યા.



પુનાખામાં 'પુનાખા ઝોંગ' છે. તે જોવા જવા માટે નદીને પાર કરવી પડે. તે માટે નદી ઉપર સુંદર નકશીવાળો લાકડાનો પુલ બાંધેલો છે. ઉપર પુલ અને નીચે સાગરને મળવા ખૂબ જ ઉતાવળી બનેલી સરિતા. હા, આ નદીનો પ્રવાહ ધસમસતો હતો. પુલ ઉપરથી નદીને પાર કરી 'પુનાખા ઝોંગ' પહોંચ્યા. વિશાળ જગ્યામાં અને વિશાળ બાંધકામથી બનેલ આ ઝોંગ કલા-કારીગરીનો ઉત્તમ નમૂનો લાગ્યો.



બાંધકામમાં વધારે પડતો લાકડાંનો ઉપયોગ થયેલ છે. લાકડાંમાં સુંદર નકશીકામ અને સુંદર રંગકામથી સુશોભિત આ ઝોંગ અનેક વિભાગોમાં વહેંચાયેલો છે અને જમીનથી ઘણો ઊંચો બનાવેલ છે. એટલે સીડી ચડીને ઉપર જવું પડે. મુખ્ય મંદિરમાં ભગવાન બુદ્ધની ગોલ્ડન પ્રતિમા છે. તે વીસ-પચીસ ફૂટ ઊંચી હશે. અનેક ધાતુના મિશ્રણથી બનેલી છે. આ

## ઠંડા-હરિયાળા પ્રદેશમાં

પુનાખા એટલે ભુતાનની જૂની રાજધાની અને 'પુનાખા ઝોંગ' એટલે ૧૯મી સદીનો રાજાનો પેલેસ. આ પેલેસ છ માળનો બનાવેલ છે. પરંતુ હાલમાં તે ઝોંગ તરીકે પરિવર્તિત થયેલ છે. ઝોંગની બાજુમાં જ ભુતાનના રાજવીનું અહીંનું નિવાસસ્થાન છે. અમે ત્યાં હતા એ સમયે રાજા પણ ત્યાં આવ્યા હતા. એટલે સીક્યોરીટી વધારે હતી. પણ આ સીક્યોરીટી દર્શનાર્થીઓને કોઈપણ રીતે નડતરરૂપ ન હતી. અમે શાંતિથી ફર્યા અને નદી ઉપરના પુલને પાર કરી ફરી બહારના કિનારે આવ્યા.



સરિતા સાગરને મળવા બાવરી બનતી હોય, તો સાગરે પણ તેને માન તો આપવું જોઈએને! હા, તો આ નદીનો ધસમસતો પ્રવાહ જોતાં-જોતાં સાથે લાવેલા નાસ્તાને ન્યાય આપ્યો. પછી ગાડીમાં ગોઠવાયા અને થીમ્ફુ જવા રવાના થયા.

હિમાચ્છાદિત વિસ્તારોમાં લગભગ રોજ બપોરના ૩:૦૦ વાગ્યા પછી ધુમ્મસનું રાજ હોય છે. એટલે આજે પણ હવે ધુમ્મસ છવાઈ ગયું હતું.

રસ્તો ઝાંખો દેખાતો હતો. વચ્ચે-વચ્ચે વરસાદ પણ અમને મળવા અધીરો બની જતો હતો. અમે પણ તેની સાથે હાથ મિલાવી લેતા હતા. હા, ભેટતા નહોતા. એટલે બિચારો નિરાશ થઈને થોડીવારમાં ચાલ્યો જાય. પણ રહી ન શકે, એટલે ફરી પાછો આવી જાય. ધુમ્મસમાં સંતાયેલા વૃક્ષો તરફ ધ્યાન ગયું. શું લાગ્યું ખબર છે? કોઈ મહાન ચિત્રકારે પેન્સિલથી જાણે મજાના સ્કેચ બનાવ્યા ન હોય! કુદરતની લીલાને નિહાળતાં થીમ્ફુ પહોંચ્યા. ઠંડીનું સામ્રાજ્ય વિસ્તરી ચૂક્યું હતું. એટલે જમીને હવે પછીના સ્થળ પારોનું સ્વપ્ન જોતાં નિદ્રાધિન થયા.

<u>તા. ૧૩/૬/૨૦૧૫</u>

આજે થીમ્ફુને 'બાય બાય' કરી પારો જવાનું હતું. સવારે ૮:૫૦ વાગ્યે રવાના થયા. ફરી અબ્દુલભાઈની મોટર ૫મ ૫મ ચાલવા લાગી. થીમ્ફુથી બહાર નીકળી ગયા અને પારોના રસ્તે ચડયા ત્યાં ધરાર રોકાવાનું મન થાય એવી નદી નજરે ચડી. એટલે મનને માર્યું નહિ અને રોકાયા. ખળખળ વહેતી નદી અને નદીના કાંઠે લીસા-સુંવાળા પથ્થર. મન ત્યાં રોકાયા વગર કેમ માને? એ સુંવાળા પથ્થરોને ખોટું ન લાગે એટલે એમની સાથે થોડીવાર ગોષ્ઠી કરી, પાણીમાં ઊભા રહ્યા, સ્મૃતિરૂપ ફોટો લીધા અને ફરી ગાડીમાં રવાના થયા.



# ઠંડા-હરિયાળા પ્રદેશમાં

કુદરતની અજાયબીને નિહાળતા હવે અમે પારોના એરપોર્ટ પહોંચ્યા. એરપોર્ટમાં ઊડવાને અધીરું થઈ રહેલું એક વિમાન હતું. પણ અમારે તેમાં બેસવાનું ન હતું. એટલે હાથ ઊંચો કરીને રોકયું નહિ. અમે તો અમારી ગાડીમાં આગળ વધ્યા, પારોની મુખ્ય બજારને પાર કરીને 'રોમ્બો ઝોંગ' પહોંચ્યા.



કોતરણીવાળાં લાકડાં, ધાતુની કામગીરી, પથ્થરની ગોઠવણી, ભગવાન બુદ્ધની ગોલ્ડન પ્રતિમા, પ્રતિમા આગળ ફૂલોની, ફળોની, અન્ય વસ્તુઓની સજાવટ વગેરે ખૂબ સરસ લાગતું હતું. ઝોંગની બહાર બગીચામાં સુંદર ફૂલો ખીલેલાં હતાં. આ બધું જોઈને ફરી આગળ વધ્યા. આગળ કંઈ જોવાની જગ્યાએ નહિ, પણ રહેવાની જગ્યાએ પહોંચ્યા. આ રહેવાની જગ્યાનું નામ હતું : 'ડેચન હોલ રીસોર્ટ'. પારો શહેરની બહાર

કુદરતી વાતાવરણમાં આવેલ આ રીસોર્ટમાં રૂમ વગેરેની વ્યવસ્થા થઈ ગયા પછી જમ્યા. જમી લીધા પછી તરત જ અન્ય સ્થળો જોવા ગાડીમાં બેસી ગયા.

ભુતાનમાં ૭૫ થી ૮૦% લોકો બૌદ્ધ ધર્મ પાળે છે અને તેથી અહીં બૌદ્ધમંદિરો(વિહારો) એટલે કે ઝોંગની સંખ્યા વધારે છે. આ ઝોંગની પરંપરામાં વધુ એક ઝોંગ જોવા પહોંચ્યા. આ ઝોંગનું નામ 'કીચુ ઝોંગ' છે. લાકડાનું બાંધકામ, આગળ પથ્થરનું તળિયું, કોતરકામની ડિઝાઈન, ચિત્રકામ વગેરેથી શોભાયમાન આ ઝોંગ ઘણો જૂનો છે.



મૂળ તિબેટીયન સમ્રાટ સોંગસેન ગેમ્પો દ્વારા સાતમી સદીમાં આ ઝોંગનું બાંધકામ કરાવેલ છે. ઈ.સ. ૧૮૩૬ થી ૧૮૩૮માં આ ઝોંગને પુનર્સ્થાપિત કરવામાં આવેલ છે. અમે ગયા ત્યારે લામાઓની સભા ચાલી

રહી હતી. થોડીવાર બહાર ઊભા રહ્યા ત્યાં સભા પૂરી થઈ. પછી અમે અંદર જોવા ગયા. અહીં પણ બુદ્ધની પ્રતિમા ગોલ્ડન છે. આજુબાજુ કપડાંનાં બનેલાં સુંદર પ્રતીકોથી સુશોભિત આ ઝોંગ પણ સરસ લાગ્યો.

હવે અમે ગાડીમાં બેઠા. ગાડી પર્વતના ઢોળાવો પર ઊતરતી-ચઢતી, ઊંચાં-ઊંચાં વૃક્ષોના જંગલમાંથી પસાર થતી જંગલના મધ્ય ભાગમાં પહોંચી.

ગાડી ઊભી રાખીને ડ્રાયવરે ઊંચા પહાડની ઉપર એક મંદિર દેખાડયું અને એ મંદિર 'તક્ષસંગ મંદિર' હોવાનું જણાવ્યું. આ મંદિરે જવામાં ચડતાં-ઊતરતાં લગભગ સાડા પાંચ-છ કલાક લાગે એવું હતું. તેથી નીચેથી જ મંદિરના એ દેવને વંદન કરી થોડીવાર જંગલનાં વૃક્ષો વચ્ચે રહ્યા.



આ તક્ષસંગ મંદિર ઈ.સ. ૧૬૯૨માં બંધાયું હોવાનું મનાય છે. મંદિરની બાજુમાં એક ગુફા છે. આ ગુફામાં ગુરુ પદ્મસંભવે ૮મી સદીમાં ૩

વર્ષ ૩ મહિના ૩ અઠવાડિયા ૩ દિવસ અને ૩ કલાક ધ્યાન કર્યું હોવાનું કહેવાય છે.

ત્યાંથી પરત ફરતા પારોની બજારમાં થોડીવાર લટાર લગાવી અને રીસોર્ટે આવી ગયા.



ચાર-પાંચ દિવસના ભુતાન-નિવાસ દરમિયાન ભુતાન વિશે જે કાંઈ જાણ્યું તે કંઈક આવું હતું. હિમાલયમાં તિબ્બત અને ભારત વચ્ચે વસેલો આ દેશ એશિયાનો એક નાનકડો દેશ છે. ભુતાનનું ત્યાંની સ્થાનિક ભાષાનું નામ 'દ્રુક યુલ' છે. તેનો અર્થ થાય છે, 'ગરજતા ડ્રેગનનો દેશ'. ભુતાનના ધ્વજમાં પણ ડ્રેગનનું નિશાન છે. અહીંની સત્તાવાર ભાષાનું નામ 'જોંગખા' છે. છ-સાત લાખની વસતીવાળો આ દેશ રાજનીતિક પરિસ્થિતિ મુજબ ભારતની નજીક છે. આ દેશમાં પ્રાચીન સંસ્કૃતિ અને આધુનિકીકરણ

## ઠંડા–હરિયાળા પ્રદેશમાં

વચ્ચે સમતોલન જળવાઈ રહ્યું છે. પર્યાવરણનો નાશ કર્યા વગર આ દેશે પ્રગતિ કરી છે. સંસ્કૃતના સમાસ મુજબ 'ભુતાન' શબ્દનો અર્થ 'ઊંચી ભૂમિ' થાય છે. ભુતાનની હદમાં આવેલ સૌથી ઊંચું શિખર 'કુલા કાંગરી' ૭૫૫૩ મીટર ઊંચું છે. ભુતાનનું ચલણ 'નોંગ્ત્રુમ' છે. જેનું મૂલ્ય ભારતીય રૂપિયાની ખૂબ નજીક છે. ભુતાનના મૂળ નિવાસીઓને 'ગાંલોપ' કહેવાય છે. તીરંદાજી અહીંની રાષ્ટ્રીય રમત છે. સૌથી ખુશહાલ દેશ તરીકે એશિયામાં પ્રથમ અને દુનિયામાં આઠમા ક્રમે ભુતાનની પસંદગી થઈ છે.



ભુતાનમાં મોટા ઉદ્યોગો ઓછા છે અને જે છે તેના માટે શહેરોથી દૂર ઔદ્યોગિક વિસ્તાર રાખ્યો છે. જેના લીધે ભુતાનનું કુદરતી સૌંદર્ય જળવાઈ રહે છે અને પ્રદૂષણ અટકે છે. સ્વચ્છતાને અહીં ખૂબ મહત્ત્વ અપાય છે.

એક બાબત એ પણ નવાઈભરી લાગી કે અહીં રસ્તા ઉપર રેંકડીવાળા કે પથારા કરીને વેપાર કરવાવાળા ક્યાંય જોવા ન મળ્યા. અમે જ્યાં ફર્યા ત્યાં કોઈ ભિખારીનાં દર્શન પણ ન થયાં. કોઈએ હાથ લંબાવ્યો નહિ. અહીંનું હવામાન ખુશનુમા હતું. એટલે થાક નજીક પણ ફરકતો

નહોતો.

અને આ રીતે મર્યાદિત દિવસોનો અમારો ભુતાન-પ્રવાસ પૂર્ણ થતો હતો.



**તા. ૧૪/૬/૨૦૧૫**

સવારે ૭:૫૦ વાગ્યે પારોથી રવાના થયા અને બપોરે ૧:૨૦ વાગ્યે ફુન્ટસોલિંગનો દરવાજો વટાવી જયગાંવમાં પહોંચ્યા. ત્યાંથી સાંજે ૬:૦૦ વાગ્યે ન્યૂ જલપાઈગુડી પહોંચ્યા. ન્યૂ જલપાઈગુડી સીલીગુડીની નજીકમાં જ આવેલું છે. ટ્રેનો અહીંથી જ મળે છે. સીલીગુડીમાં રેલ્વેસ્ટેશન નથી. અમારે જે ટ્રેનમાં બેસવાનું હતું તે ટ્રેન તા.૧૫/૬/૨૦૧૫ના સાંજના ૬:૩૦ વાગ્યે મળવાની હતી. એટલે આ ૨૪ કલાકનો સમય અહીં જ વિતાવવાનો હતો.

એટલે અહીંની બજારો જોઈ, થોડી ખરીદી કરી અને ટ્રેનનો સમય થતાં ટ્રેનમાં બેસી ગયા. અઢી રાત અને બે દિવસની ટ્રેનની મુસાફરી કરી તા. ૧૭/૬/૨૦૧૫ની મધ્યરાત્રિ પછી એટલે કે તા. ૧૮/૬/૨૦૧૫ની વહેલી સવાર (આમ તો રાત જ ગણાય) ૧:૦૦ વાગ્યે જામનગર પહોંચી ગયા.

★ ★ ★





# ‘સાગર’ રામોલિયાનાં પ્રકાશિત પુસ્તકો

(૧) ‘ખોડલગીત’ – માતાજીનાં ગીતોનો સંગ્રહ – નવે. ૧૯૯૮

(૨) ‘દયાનંદગાથા’ – સ્વામી દયાનંદ સરસ્વતીના જીવનનું અનુષ્ટુપ છંદમાં ૧૦૦૦ પંક્તિઓનું દીર્ઘકાવ્ય – ડિસે. ૧૯૯૮

(૩) ‘મારી બલા’ – હઝલસંગ્રહ – મે, ૨૦૦૨

(૪) ‘અંતાક્ષરી જોડકણાં’ – બાળજોડકણાં – જૂન, ૨૦૦૪

(૫) ‘હરખાનો હલવો’ – બાળવાર્તાઓ – નવે. ૨૦૦૪

(૬) ‘સરદારનું ગીત’ – ૨૭૦૦ પંક્તિઓનું, અનુષ્ટુપ છંદમાં, સરદાર પટેલના જીવનનું દીર્ઘકાવ્ય – ઓક્ટો. ૨૦૦૬

(૭) ‘વિધવા’ – ૧૯૦૦ પંક્તિઓનું, ગુજરાતી ગીતોના રાગમાં, સામાજિક દીર્ઘકાવ્ય – ઓક્ટો. ૨૦૦૬

(૮) ‘કાબેલ કાબર’ – બાળવાર્તાઓ – ૨૦૦૯, ૨૦૧૩

(૯) ‘અન્નબગાડ મહાપાપ’ – અન્ન વિષયક ચિંતન – ૨૦૧૩,૧૪,૧૫

(૧૦) ‘જનરલ નોલેજ જોડકણાં’ – સા.જ્ઞાનનાં જોડકણાં – ૨૦૧૩

(૧૧ થી ૨૧) ‘કુતૂહલ’ ભાગ ૧ થી ૧૧ – ૨૦૧૩
(સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી દીર્ઘજવાબી પ્રશ્નો)

(૨૨) ‘મા! મારે ઊડવું છે!’ – ઉત્સાહપ્રેરક ચિંતનવાર્તા – ૨૦૧૩

(૨૩) ‘દિવ્યકાંત પટેલ : એક પ્રેરક વ્યક્તિત્વ’ – ૨૦૧૪

(૨૪) ‘સરદારના પ્રેરકપ્રસંગો’ – ૨૦૧૪, ૨૦૧૫

(૨૫) ‘ખમીરવંતો પટેલપરિવાર’ – ૨૦૧૪

(૨૬) ‘ગઝલ-હઝલની જોડી’ – ૨૦૧૫

(૨૭) ‘દરિયો’ (૨૫૧ કંડિકાનું દીર્ઘ-મોનોઈમેજ) – જાન્યુ., ૨૦૧૮

(૨૮) ‘અમે તો કારીગર’ (બાળગીતો) – મે, ૨૦૧૯

(૨૯) ‘મારા ઠોઠ વિદ્યાર્થીઓ’ – સપ્ટે., ૨૦૨૦

(૩૦) ‘પળેપળ જીવી લો’ (પ્રેરક દષ્ટાંતો) – જાન્યુ., ૨૦૨૧

(૩૧) ‘ઠંડા-હરિયાળા પ્રદેશમાં’ (સિક્કિમ-ભુતાનનો પ્રવાસ) – માર્ચ, ૨૦૨૧

**વિશેષ : રામકથા અને ભાગવતકથાની જેમ સંગીતમય ત્રણ દિવસનું આયોજન થઈ શકે તેવી 'શ્રી સરદાર વલ્લભકથા' અને 'શ્રી ખોડિયારકથા'**